# અધ્યાત્મ

વર્ષ : ૭ જુલાઈ–૧૯૮૬ અંક : ૧૦



## વિશ્રામગૃહને સહાય


યાત્રાધામ અંબાજીમાં બંધાઈ રહેલ પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહને સાધકો તરફથી સહાય મળતી રહે છે. છેલ્લે મળેલ સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ—

રૂ.
૭૧૩૯–૨૫ શ્રી શાન્તાબેન સત્સંગી, લોસએન્જેલીસ, અમેરિકા.
૫૧–૦૦ ,, નરેન્દ્રભાઇ લાલાજી, વડોદરા.
૨૦૧–૦૦ ,, સરોજબેન શાંતિલાલ પંડ્યા, વડોદરા.
૧૦૦–૦૦ ,, રણછોડભાઇ તથા શ્રીનરોત્તમભાઇ, રખી.
૨૫૧–૦૦ ,, અનિલકુમાર નટવરલાલ મુખત્યાર, સુરત.
૫૦૧–૦૦ ,, ધીરૂભાઈ દેસાઇ, દિલ્હી.
૫૦૧–૦૦ ,, કેશવલાલ મોરારજીભાઇ, અમદાવાદ.
૫૦૧–૦૦ ,, શાન્તિભાઇ કનેરિયા, રાજકોટ.
૫૧–૦૦ ,, કુસુમબેન મનુભાઈ મહેતા, અમદાવાદ.
૨૫૧–૦૦ ,, નટવરલાલ શામળદાસ પંડ્યા, મુંબઈ.
૫૧–૦૦ ,, વિમળાબેન ઉપાધ્યાય, ભાવનગર.
૧૦૦–૦૦ ,, એક સાધક તરફથી મોરબી.
૭૫–૦૦ ,, દુર્લભભાઈ દયાળજીભાઈ પંડ્યા.
૧૦૧–૦૦ ,, કંચનભાઈ મગનભાઇ પટેલ.



પૂ. માતાજી જ્યોતિર્મયી તથા પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી

પૂ. માતાજીની સ્મૃતિ માટેનું પૂ. શ્રી યોગેશ્વરજીનું
સ્વપ્ન સાકાર થયું.



શ્રી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
[જેનું ઉદ્દઘાટન તા. ૨૧/૭/૮૬ ને ગુરુપૂર્ણિમાને દિવસે થશે.]

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૭ અંક : ૧૦ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** **પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.
અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર,
શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૯૮ બી.
સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ ભાવનગર-૧


## લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## ❋ અનુક્રમણિકા ❋


| | | |
|---|---|---|
| યોગની સાધના શા માટે ? | યોગેશ્વરજી | ૩ |
| સુભાષિત | — | ૮ |
| એકાંતવાસની ફલશ્રુતિ | નારાયણ હ. જાની | ૯ |
| "ગુરુબિન ભવનિધિ તરહિ ન કોઇ" | શ્રી કમલ સુથાર | ૧૩ |
| नास्ति तत्त्वं गुरोः परम् | મમતા ભાટિયા | ૧૭ |
| મંથન | નટવરલાલ ભટ્ટ | ૨૨ |
| બંધન–મુક્તિ | રણજિત પટેલ | ૨૩ |
| ઉદ્દઘાટન | તંત્રી | ૨૪ |
| સંત કવિ સદ્દગુરુ કબીર સાહેબ | ચંદ્રકાંત સાધુ | ૨૫ |
| ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યા (૨) | જનાર્દન દવે | ૩૬ |
| ધૂની અમે તો એવા | જગદીશચંદ્ર આચાર્ય | ૩૯ |
| જય જગન્નાથ | ઈશ્વરભાઇ પરમાર્થી | ૪૦ |
| અધ્યાત્મ | ઈશ્વરભાઇ શાહ | ૪૬ |
| શ્રેષ્ઠ–બુદ્ધિ કે શરણાગતિ ? | દારા જ. ભેસાણીઆ | ૫૦ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૫૪ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૭ જુલાઇ–૧૯૮૬ અંક : ૧૦


## યોગની સાધના શા માટે ?

યોગની શ્રેયસ્કર સાધનાના અનુષ્ઠાનને માટે નિતાંત એકાંતની આવશ્યકતા ખરી ? એનો આધાર શું વસ્તીની વચ્ચે વસીને પારિવારિક જીવન જીવતાં જીવતાં ના લઇ શકાય ? એને માટે સર્વસંગપરિત્યાગી થવાનું આપણા અને આપણી સાથે સંકળાયેલા બીજાના જીવનના ધારણપોષણની પ્રવૃત્તિઓને પરિત્યાગવાનું આવશ્યક અથવા અનિવાર્ય છે ? વિદ્યાર્થીઓએ વિદ્યાભ્યાસ, શિક્ષકોએ શિક્ષણકાર્ય, વેપારીએ વ્યાપાર, ખેડૂતે ખેતી, મજૂરે મજૂરી, દરજી સુથારે દરજી તથા સુથાર તરીકેની પ્રવૃત્તિ, ડાકતર, વકીલ, સૈનિકે પોતપોતાના સેવા કાર્યોને છોડીને યોગસાધનાને સારૂ કોઇક જંગલમાં, પર્વતમાળામાં કે સરિતા અથવા સમુદ્રના શાંત એકાંત તટ પ્રદેશ પર પહોંચી જવું જોઇએ ?

એ પ્રશ્નોનો ઉત્તર આપતાં આપણે કહીશું કે ના. યોગની શ્રેયસ્કર સાધના માટે એ બધું અનિવાર્ય રીતે આવશ્યક નથી. કોઇને કોઇ સંસ્કારવસને એની આવશ્યકતા લાગે તો એ એનો આધાર લઇ શકે છે, પરંતુ એના સિવાય આગળ ના જ વધાય એવું

નથી. યોગસાધનાના આદર્શ આચાર્યપ્રવર મહર્ષિ પતંજલિએ પોતાના યોગદર્શનમાં ક્યાંય એવું નથી કહ્યું કે ઘર, પરિવાર વસતીની વચ્ચે વસીને યોગ ના થઇ શકે અથવા એને માટે વ્યાવહારિક કર્મોને તિલાંજલિ આપવી પડે. માનવ યોગની પરમ શ્રેયસ્કરી સાધનાનો આધાર લઈને યોગી બને-એ એવું અવશ્ય ઇચ્છે છે અને જ્યાં પણ હોય ત્યાં રહીને યમનિયમના અનુષ્ઠાન દ્વારા આદર્શ માનવ થવાનો પ્રયત્ન કરે એવી અપેક્ષા રાખે છે. માનવ જે પણ દેશકાળમાં હોય તેમાં રહીને આત્મિક ઉત્કર્ષ સાધે એ આવશ્યક છે. એવા ઉત્કર્ષનો આરંભ એણે પ્રાપ્ય પરિસ્થિતિમાં રહીને કરી દેવો જોઇએ. બધા જ સાધકો યોગાભ્યાસને માટે નિતાંત એકાંતમાં જાય અને સર્વસંગ પરિત્યાગ કરે એવો આગ્રહ રાખવો નિરર્થક છે, અવ્યવહારૂ પણ છે. સાધક એની પ્રતિક્ષા કરીને બે હાથ જોડીને બેસી રહે એ પણ બરાબર નથી. એટલે એવો અનાવશ્યક આગ્રહ રાખવાને બદલે સાધક સર્વ પ્રકારની પરિસ્થિતિનો લાભ લઈને સાધનાના ક્ષેત્રે ઉત્તરોત્તર આગળ વધે એવી અપેક્ષા રાખીએ એજ યોગ્ય છે.

યોગવિશે પ્રાચીન કાળથી માંડીને અર્વાચીન સમય પર્યંત જે વિચારો કરાયા છે તે સૂચવે છે કે એના સંબંધી મનુષ્યને સદા જાગૃતિ તથા રસવૃત્તિ રહી છે, અને આજે પણ તે કાયમ છે.

શ્રીમદ્ભાગવતના ત્રીજા સ્કંધમાં મહર્ષિ કપીલ પોતાની માતા દેવહૂતિને જણાવે છે કે માતા, યોગની સાધનાથી મન પ્રસન્નતાથી પુલકિત બને છે અને સત્પથે વળે છે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે ભોગમાં જોડાયેલું અથવા આસક્ત બનેલું મન સદાને માટે પ્રસન્ન રહી શકતું નથી. ભોગો હોય અને ભોગોને ભોગવવાની શક્તિ હોય ત્યારે પ્રસન્ન અને ભોગો ના હોય તથા એમને ભોગવવાની શક્તિ ના હોય ત્યારે



અપ્રસન્ન, એવી એની પરિસ્થિતિ હોય છે, એથી શાંતિ, સ્થિરતા, રસવૃત્તિ પ્રસન્નતા અખંડ નથી રહેતી.

શાંતિ, પ્રસન્નતા, પરમાનંદ ભોગમાં નથી; યોગમાં છે. વિલાસમાં નથી, સંયમમાં છે. અનાત્મ પદાર્થોની આસક્તિમાં નથી, આત્માના અનુરાગમાં અને અનુસંધાનમાં છે. પરમાત્મામાં છે, યોગસાધનાથી એમની પ્રાપ્તિ થાય છે. એ આપણી અંદર જ છે. એમની આયાત ક્યાંય બહારથી નથી કરવાની. આત્મા સ્વયં શાંતિસ્વરૂપ છે. પરમાત્મા પ્રસન્નતા તથા પરમાનંદના પરમ પારાવાર છે. એમની પ્રત્યે અભિમુખ બનવાથી, એમના અનુગ્રહથી મન પ્રસન્ન થાય છે. યોગીનું એક લક્ષણ એ હોય છે કે એ સદા પ્રસન્ન રહે છે. અનુકૂળતામાં પણ પ્રસન્ન, લાભમાં પ્રસન્ન, હાનિમાં પ્રસન્ન; જયમાં પ્રસન્ન પરાજયમાં પ્રસન્ન, સર્વ કાળે ને સર્વ સ્થળે, સર્વાવસ્થામાં પ્રસન્ન. જીવનમાં આજે અશાંતિ છે. વાતાવરણમાં વિષાદ વધી ગયો છે, શોક છવાયો છે. યોગ સાધનાની સહાયથી એની નિવૃત્તિ થઈ શકે છે.

મહર્ષિ કપિલે માતા દેવહૂતિને જણાવ્યું છે કે યોગસાધના સત્પથે દોરે છે. સત્પથ એટલે પરમ સત્યસ્વરૂપ પરમાત્માનો પથ. યોગ સાધકને એ પથપર પ્રયાણ કરાવીને પરમાત્માભિમુખ બનાવે છે. પરમાત્માની પવિત્ર દિશામાં ઉત્તરોત્તર આગળ વધારે છે અને છેવટે પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે છે. પ્રકૃતિનાં અનેકવિધ આકર્ષણો પ્રલોભનો અને પ્રાકૃતિક રંગરાગોમાં પડીને માનવ ભાન ભૂલે છે અને સત્યપથથી ચલાયમાન બને છે. યોગની સાધના એને ફરીવાર જાગ્રત કરે છે. શક્તિ બક્ષે છે અને સન્માર્ગગામી બનાવે છે.

આજનો માનવ મોટેભાગે વિષમતાઓથી વીંટળાયેલો છે. એની પોતાની અંદર પણ વિષમતા છે. અનેક પ્રકારના વિચારો, ભાવો, ઉર્મિઓના ઉદ્રેકોની વચ્ચે એના મનની સ્વસ્થતા, સ્થિરતા, સમતા

તથા શાંતિ અદૃશ્ય થઈ ગઈ છે. યોગ એ મનને સમતાથી સંપન્ન કરવાની ક્ષમતા ધરાવે છે; નિસ્તરંગ તળાવની પેઠે શાંત બનેલું મન ભાવસમાધિમાં ડૂબીને સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે. સમતાથી સંપન્ન બનેલો યોગી જાગૃતિદશામાં સર્વત્ર પરમાત્માની સર્વોત્તમ સત્તાને અનુભવે છે. એને સર્વત્ર પરમ ચૈતન્યનો વિલાસજ દેખાતો હોય છે. સમત્વથી સંપન્ન થયેલા યોગીના મનમાં અહંકારના સ્થૂળ પાર્થિવ તરંગો ના ઉઠે તો પછી મમતાદિ તો ઉઠેજ શી રીતે ? એ પોતાના મંગલ મહિમામાં પ્રતિષ્ઠિત સુવિશાળ સાગર જેવો શાંત હોય છે. કામનાઓ, વાસનાઓ અને પોતાની અંદરની તથા બહારની પ્રાકૃતિક રમતો એની અંદર કોઈ પ્રકારનો ક્ષોભ નથી પ્રકટાવી શકતી.

કર્મનું સાચું કૌશલ એમાંજ રહેલું છે. અહંતા, મમતા, આસક્તિમાંથી મુક્તિ મેળવવામાં, પરમાત્માનું અનુસંધાન સાધવામાં, પરમાત્મામય બનવામાં. એવા કૌશલથી સિદ્ધિ–અસિદ્ધિમાં, વિવિધ પ્રકારના વિરોધાભાસોની વચ્ચે પણ સ્વસ્થ ને શાંત રહી શકાય છે. કર્મો કરવામાં આવે છે ખરાં, કિન્તુ કર્મોની અસરોથી અલિપ્ત રહેવાય છે. કર્મોને કરવા છતાં પણ બુદ્ધિનો પરમાત્મા સાથેનો સંયોગ સદાય સધાયેલો રહે છે. એને લીધે બુદ્ધિ અંતરાત્મા પરમાત્માથી પ્રેરિત થઈને આગળ વધે છે અથવા અનુપ્રાણિત બને છે.

યોગ એવી રીતે એકલો આસનોનો અભ્યાસક્રમ નથી. એકલી નેતિ ધોતી જેવી ષટ્ક્રિયાઓ નથી, કેવળ પ્રાણાયામ નથી, ધારણા ધ્યાન કે સમાધિ પણ નથી. મંત્રજપ કે કેવળ સ્વાધ્યાય નથી. એકલા સ્તોત્રપાઠ પણ નથી. એ તો પ્રકૃતિનું પૂરેપૂરું આમૂલ પરિવર્તન છે. વિચારોનું વિશદીકરણ, ભાવોનું ઉદાત્તીકરણ,



આચારનું ઉર્ધ્વીકરણ, અનાત્મ પદાર્થો તરફ પ્રવાહિત થનારા અંતઃકરણનું આત્મા અથવા પરમાત્માતરફનું અખંડ અભિસરણ છે. પ્રકૃતિનું પરિપૂર્ણ પરિવર્તન સધાતાં પ્રકૃતિ પરમાત્મામય બની જાય છે. પ્રકૃતિની પરમ સાર્થકતા એમાંજ સમાયલી છે.

—યોગેશ્વરજી

---

( પૃષ્ઠ ૬૦ નું અનુસંધાન )

છો ?... એકધારા અવાજે વરસોથી વહેતી આ ગંગાની જેમ મારું સર્વ કાંઇ તમારા તરફ વહી રહ્યું છે... હવે તો કૃપા કરીને તેની આડે અવરોધો ના મૂકોઃ અવરોધને હઠાવી દો ને તમારું ધન્યતામય દર્શન દઇને મને પરમ શાંતિ દો..."

હિમાલયના ઊંચા ઊંચા પહાડ, પાસે જ વહી જતી ગંગાનો નિત્ય નિરંતર થઇ રહેલો ધીરગંભીર અવાજ, ને તેની તટવર્તી આશ્રમ ભૂમિમાં પરમસિદ્ધિની ઝંખના કરતો, દિવસોથી પલાંઠી વાળીને બેઠેલો એક તપસ્વી–કૃશકાય છતાં મક્કમ, નિશ્ચયધારી, શ્રદ્ધાવાન ને પોતાની પૂર્ણતાની ભાવના સાથે વિશ્વના મંગળની કામનાવાળો, તે માટે પુરુષાર્થ કરનારો, અને યુગોમાં કોઇક જ વાર દેખાતા એવા સંયોગ તેમ જ સુયોગને ધરાઈ ધરાઇને જોઇ રહેલું નિર્મળ નીલ–આકાશ–એ બધાની એક કલ્પના છબી પ્રજ્ઞાચક્ષુ સામે દોરી શકો તો મારા દેવપ્રયાગના એ તપ ને મંથનના દિવસોનો કંઇક ખ્યાલ આવી શકે. (ક્રમશઃ)

# સુભાષિત

विजेतव्या लंका चरण तरणीयो जलनिधिः
विपक्षः पौलस्त्यो रणभूवि सहायाश्च कपयः ।

तथाप्येको रामः सकलमवधीद् राक्षसकुलम्
क्रियासिद्धिः सत्वे भवति महतां नोपकरणे ॥

જીતી લેવી લંકા, ઊદધિ તરવાનો પગવડે
હતો શત્રુ ભારી, સહચર બધા વાનર હતા

છતાં રામે એકે, મરણ શરણે રાક્ષસ કર્યા
સ્વશક્તિમાં સિદ્ધિ, નહિ કદી બીજાં સાધન થકી.

અજીત એવી લંકા નગરી જીતવાની, અગાધ સમુદ્ર પગપાળા પાર કરવાનો, રાવણ જેવો મહાન શત્રુ, અને યુદ્ધમાં સહાય કરનાર માત્ર વાનરસેના. છતાં શ્રીરામચંદ્રે એકલે હાથે રાક્ષસકુળનો સંહાર કર્યો. મહાપુરુષોની કાર્યસિદ્ધિ તેના પોતાના આત્મબળમાં રહેલી છે બાહ્ય સાધનમાં નહીં.



# એકાંતવાસની ફલશ્રુતિ

નારાયણ હ. જાની

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ તા. ૧–૫–૮૬ થી એક માસ માટે એકાંતવાસ અને મૌન સ્વીકારેલ. આ વખતે પૂ. મા અમદાવાદમાં હતાં. પરંતુ પ. પૂ. શ્રી ગુરુદેવની આજ્ઞા અનુસાર એમણે આ સાધના પૂ. શ્રીના પરમ ભક્ત શ્રી શાંતિભાઈ મહેતાના ઘરમાં રહીને કરી. શ્રી શાંતિભાઈ અને એમના ધર્મપત્ની શ્રીમતી સ્નેહલતાબેન પણ પૂ.માનાં ખૂબ નમ્ર ભક્ત છે. એઓમાં ખૂબ શ્રદ્ધાભક્તિ ધરાવે છે.

પ. પૂ. મા તા. ૨–૬–૮૬ ના રોજ ૩૨ દિવસે એકાંતવાસમાંથી બહાર આવ્યાં. આપણ સહુ સાધક ભાઈ બહેનોને જીજ્ઞાસા થાય કે આ દિવસો દરમ્યાન પૂ.માને શું અનુભૂતિઓ થઈ, પૂ.માનો આ સમય કેવી રીતે પસાર થયો ? વાત સાચી છે. ઘણા સાધકોને વેકેસનનો આ ગાળો પૂ.માના દર્શન વગર લાંબો લાગ્યો. એટલે પૂ.માનું મૌન પૂરું થયું છે એવા સમાચાર મળતાં જ પૂ.માના દર્શને ઘણા સાધકો પહોંચી ગયા. અમે પણ તા. ૫/ જુનના રોજ પૂ.માના દર્શને ગયા.

એજ સ્મિતરેલતું તેજસ્વી મુખારાવિંદ. એ જ દૂબળી પાતળી કાયા. આઠસો પાંચ દિવસોના પૂરા ઉપવાસોના પરિણામે પણ પૂ. માની શક્તિનો હ્રાસ–ક્ષય દેખાતો નથી. કોઇ અદ્‌ભુત દિવ્યશકિત–ગુરુદેવની દિવ્યશક્તિ જ–એમનું આરોગ્ય રક્ષે છે. એમ જોનારને પ્રતીતિ થયા વિના રહે નહિ.

પૂ. મા ખૂબ આનંદમાં હતાં. તે દિવસે મોરબીથી પાંચ

છ ભાઈબહેનો તેઓનાં દર્શને આવેલાં. અમે પણ પહોંચી ગયાં. પૂ.મા પ્રભુને વંદન કર્યા પછી તો પૂ.માએ આ દિવસો દરમ્યાન શું કર્યું તેની વાતો કરવા માંડી. પૂ.માએ એકાંતવાસ દરમ્યાન ઘણું બધું લખ્યું. પ. પૂ. ગુરુદેવ શ્રીયોગેશ્વરજીની આત્મકથા 'પ્રકાશના પંથેનુ'' એમણે કાવ્યમાં રૂપાંતર કર્યું. એઓશ્રીના જીવનના મહત્ત્વના પ્રસંગો લઈ, સુંદર ગેય રચનાઓ પૂ. માએ લખી. અને એને નામ આપ્યું 'ગુરુલીલામૃત.' એમને માટે એ રચના સ્વાન્તઃ સુખાય—પુરવાર થઇ. પૂ. માએ એ રચનાઓમાંથી કેટલીક અમને સંભળાવી.

પૂ. મા જ્યારે એ ગાતાં ત્યારે પોતાના અસ્તિત્વનું જાણે ભાન ભૂલી જતાં. મીરાંબાઈના જેવી મસ્તી એમના હાવભાવમાં વરતાતી અને કંઠ બુલંદ બની જતો. એ દિવસે પૂ. માને નિર્જળા હતું છતાં પૂ. માએ લગભગ ચાર કલાક સુધી એકધારૂં ગાયાં જ કર્યું.

પ્રસંગો બદલાતા તેમ પૂ. માની અભિવ્યક્તિ પણ બદલાઈ જતી. પૂ.શ્રીના વિરહની વાતના આલેખન વખતે પૂ. માની તીવ્ર વિરહ વેદનાની કરૂણતા એમના સ્વરમાં રેલાતી તો પૂ.શ્રીના દર્શનની ઝાંખીથી પ્રસન્ન બની ઊઠેલાં માના સુખ ઉપર મધુરતા લીંપાઇ જતી. ઐકાંતિક સાધનાના યજ્ઞમાં બેસવાની પ્રેરણાના પ્રસંગે પૂ.માનું મનોબળ—હિમાલય પુત્રી પાર્વતીની યાદ અપાવી જતું ને સાધનાની સિદ્ધિ અર્થે સર્વસ્વની ફનાગીરીની મક્કમતા એમના સ્વરમાં રણકી ઊઠતી. ચાર કલાકની એ એકધારી બેઠકમાં પૂ.માનાં અનેક સ્વરૂપોનું દર્શન થયું. એમનામાં કૃષ્ણઘેલી મીરાંની મસ્તી, ભગવાન શંકરને પ્રસન્ન કરવા તત્પર બનેલી મા પાર્વતીની મક્કમતા,



કૃષ્ણ વિરહમાં ઝૂરતી મા રાધા, અને પ્રભુના પ્રેમના નશામાં ચકચૂર બનેલ કોઈ પ્રેમીની પાગલતા. આ બધું છતાં પૂ.માનો જે મધુર ને વિનોદી સ્વભાવ છાનો રહી શકતો નહિ. એમના હાવભાવ ને રજુઆત ખૂબ સરસ ને સહજ લાગતાં. વિરહની વ્યથાની અભિવ્યક્તિ સમયે કરૂણાભાવથી રૂંધાએલો કંઠ, જાણે બીજી જ ક્ષણે સ્વસ્થ બની મંગલસૂર વહાવી ઊઠતો. કેવું અદ્ભુત એ પળવારમાં થતું પરિવર્તન.

પ.પૂ ગુરૂદેવ શ્રી યોગેશ્વરજીના સાધનાત્મક દિવસોના સાક્ષી બનવાનું સૌભાગ્ય પ્રભુએ અમને મને આપ્યું છે. એ સમયે પૂ. યોગેશ્વરજીમાં જે પ્રકારની મસ્તી ને ભાવ જણાતો, જાણે એ જ પૂ. મામાં પણ દેખાયા. અભિવ્યક્તિ ને રજુઆત પણ જાણે પૂ.શ્રીનાં જ ન હોય! એવું આશ્ચર્ય લાગે. આ આખું ગુરૂલીલામૃત-૨૪૬૪ લીટીનું પૂ.માએ ૧૨ દિવસમાં લખ્યું—એમાં છેલ્લા દિવસે ૬૦૦ લીટી. એક બેઠકે જ છેકછાક વગરની અંતરના અંતરતમમાંથી ઉઠતી એ શબ્દ રચના—પાણીના પ્રવાહની સહજતાથી—પૂ.માની કલમમાં ઉતરી છે. એનો રસાસ્વાદ માણી શકાય, આલેખી તો શી રીતે શકાય? માનવને પોતાના અસ્તિત્વનું પણ ભાન ભૂલાવી દેનાર એ રસાસ્વાદ તો માણવોજ રહ્યો—પ્રત્યક્ષ માણવો જ રહ્યો.

પ.પૂ. માને અમે વિનંતી કરેલી કે તેઓ પોતાના સ્વહસ્તે 'પોતાના એકાંત અને મૌન' અને—એ દરમ્યાનની અનુભૂતિઓ વિષે લખે. પરંતુ હાલ એમની પાસે સમયનો અભાવ છે. ઘણું બધુ કામ એકાંત દરમ્યાનનું ચઢી ગયું છે ને પ્રવાસો પણ થતા રહે છે. એટલે અમે થોડી વાતો જીજ્ઞાસુ સાધક ભાઇ બહેનોને લક્ષમાં રાખી લખી છે. પૂ.માને સમય મળતાં તે આલેખે એ અમારી વિનંતી ઊભી છે.

કદાચ એક આખા વર્ષ દરમ્યાન પૂ.મા જેટલું લખે, એથીય વધુ પૂ. ગુરૂદેવે મૌન અને એકાંતમાં પૂ.માને પ્રયોજી –લખાવ્યું છે. મહાપુરુષો કેવી ને કેટલી સહાય, ક્યારે કોને પહોંચાડે છે, તેતો અનુભવે તેને જ ખબર પડે. શ્રદ્ધા, ભાવ, ને સમર્પણ સિવાય તે અનુભવાતું નથી, એ હકીકત છે.

અંતમાં:–

વંદન કરીએ યોગેશ્વર ભગવંતને
દર્શન દેજો આવ્યાં છે શરણે અમે.

જે માણસ પોતા પર કાબૂ નથી રાખી શકતો તે બીજા પર કદી કાબૂ નહીં રાખી શકે.

*

પોતાને ઓળખવાને માટે માણસે પોતામાંથી બહાર નીકળી તટસ્થ બનીને પોતાને જોવા જોઈએ.

*

આપણે જેને સાચું ને શુભ માનીએ તે જ કરવામાં સુખ છે, આપણી શાંતિ છે, નહીં કે બીજા કહે કે કરે તે કરવામાં.

*

ધર્મ કંઈ જીવનથી ભિન્ન નથી, જીવનને જ ધર્મ માનવો જોઈએ. ધર્મ વગરનું જીવન મનુષ્યજીવન નથી, પશુજીવન છે.



# "ગુરુ બિન ભવનિધિ તરહિ ન કોઇ"

શ્રી કમલ સુથાર

'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે નાશ કરનાર. અજ્ઞાનરૂપી અંધકારનો જે નાશ કરે તે ગુરુ. જેમણે પરમાત્માનો સાક્ષાત્કાર કરી લીધો છે અને જે પોતે પરમાત્મ સ્વરૂપ જ છે તે સદ્ગુરુ. આવા સદ્ગુરુની કૃપાથી જ મનુષ્ય ભવસાગર તરી શકે છે. સંસારના આટાપાટા બહુ વિકટ છે. ભવસાગરનાં રાગ–દ્વેષનાં ભયંકર મોજાં ઉછળે છે. એમાં કામ ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઘૃણા, ભય, લજ્જા આદિ દુર્ગુણોનું વિષ વ્યાપેલું છે. એમાં ભૌતિકતનાં અનેરાં આકર્ષણો છે. આવા ભયંકર ભવસાગરમાં પડેલો જીવાત્મા સુખ–દુઃખના, માન–અપમાનના ખેલોમાં જ પોતાનું જીવન નષ્ટ કરી દે છે. જીવે છે, મરે છે, જીવે છે, મરે છે. ને આમ ભવસાગરમાં પડેલો જીવાત્મા લક્ષ ચોરાશીના ફેરામાં ભટકયા કરે છે.

આ ભવસાગરમાંથી બહાર નીકળવાનો એને કયાંય માર્ગ જડતો નથી. માયા બહુ વિકટ છે. એટલે તો પરમ સંત તુલસીદાસજીએ પણ કહ્યું છે:–

"બડા વિકટ હૈ યમઘાટ, ગુરુબિન કૌન બતાવે વાટ."

ખરેખર જ્યાંસુધી જીવાત્માને સદ્ગુરુની પ્રાપ્તિ નથી થતી ત્યાં સુધી તે માયિક અંધકારમાં ભટકયા કરે છે. પણ સદ્ગુરુની પ્રાપ્તિ થતાં સદ્ગુરુ જીવાત્માની આંખોમાં જ્ઞાન-પ્રકાશનું અંજન કરે છે અને એનામાં શકિતપાત દ્વારા પરમ દિવ્ય શક્તિનો સંચાર કરે છે. જીવાત્માનું ભાગ્ય ખૂલી જાય

છે. જનમો જનમ ભટકતા માયિક અંધકારમાંથી બહાર નીકળવાનો એને રસ્તો જડી જાય છે. વિકટ ભવસાગરની પેલે પાર પહોંચી જવાની સ્પષ્ટ વાટ એને દેખાય છે. અને પછી તો એ જીવાત્મા-સાધક સાધના દ્વારા, સદ્ગુરુની કૃપા દ્વારા સંસારના બંધનોમાંથી મુક્ત થાય છે. ભવસાગર તરી જાય છે. પરમ શાન્તિ, પરમસુખ, પરમ આનંદનો અધિપતિ બને છે. એ પોતાના અજર, અમર, અનંત, અખંડ પરમ પ્રકાશ સ્વરૂપ પોતાના આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે. એ જીવાત્મા મટીને પરમાત્મા બને છે. જીવ મટીને શિવ બને છે.

સ્વામી વિવેકાનંદને જ્યારે સદ્ગુરુની પ્રાપ્તિ નહોતી થઈ ત્યારે ભવસાગરના ઝંઝાવાતોમાં એ કેટલા બધા મૂંઝાતા હતા? વ્યથિત અને ચિંતાગ્રસ્ત બનતા હતા? જીવનના પ્રારંભમાં જ એમને વ્યાવહારિક જગતની નિર્દય કઠોરતાનો કડવો અનુભવ થયો અને એમનું સુસંસ્કારી માનસ પૂર્વ-ભવના ઉચ્ચ સંસ્કારોને કારણે અધ્યાત્મ તરફ વળ્યું. હૃદયની પ્રબળ ઝંખના, તીવ્ર અભીપ્સાને કારણે એમને પરમ સાક્ષાત્કારી સંત પુરુષ શ્રી રામકૃષ્ણ પરમહંસની પ્રાપ્તિ થઈ. આ પ્રખર બુધ્ધિશાળી યુવાને પોતાના સદ્ગુરુ માન્યા. સદ્ગુરુના સ્પર્શથી અને કૃપાથી વિવેકાનંદની ભેદની ગ્રંથિઓ નષ્ટ થઈ ગઈ અને અભેદ-પરમ સ્વરૂપનો એમને સાક્ષાત્કાર થયો. એ પોતે તો ભવસાગર તરી ગયા અને સાથે સાથે ભારતના જ નહિ, પણ દુનિયાના અનેક અધ્યાત્મ પિપાસુઓને દિવ્ય માર્ગે વાળ્યા. પરમસિધ્ધિ મળવા છતાં પણ વિવેકાનંદ આ બધાનો યશ પોતાના સદ્ગુરુને જ આપતા.

જો મનુષ્યમાં પરમાત્મ પ્રાપ્તિની તીવ્ર જિજ્ઞાસા હોય તો



સદ્ગુરુ એને કોઈને કોઈ સ્વરૂપે મળ્યા સિવાય રહેતા નથી. અરે, ઘણા સાધકોને સદ્ગુરુ સ્વપ્નમાં પણ દીક્ષા આપે છે.

સદ્ગુરુ પરમ શક્તિ-સ્વરૂપ છે, સર્વ વ્યાપ્ત છે, સર્વજ્ઞ છે. એ પોતાના શરીર સ્વરૂપે બહારથી લૌકિક આંખોથી જોનારને ભલે નિષ્ક્રિય દેખાતા હોય પણ અલૌકિક રીતે એ બ્રહ્માંડનાં અણું-પરમાણુંમાં વ્યાપ્ત થઈને અદ્ભુત કાર્ય કરી રહ્યા હોય છે. એટલે સીમિત શરીરમાં હોવા છતાં એ અસીમ છે. એમની શકિતનો મહિમા કોઇથી ગાઈ શકાય એમ નથી. દેવો પણ સદ્ગુરુનો મહિમા ગાય છે. અરે, કબીર તો સદ્ગુરુ-નો મહિમા ભગવાનથી પણ વિશેષ બતાવે છે.

“ગુરુ ગોવિન્દ દોઉં ખડે કા કે લાગું પાય?
બલિહારી ગુરુ આપની જિન ગોવિન્દ દિયો બતાય”

સદ્ગુરુની કૃપા જ્યારે શ્રદ્ધાવાન, નિષ્ઠાવાન સાધક ઉપર વરસે છે ત્યારે સાધક મસ્ત દશાનો અનુભવ કરે છે. અને જ્યારે આ સાધકની કુંડલિની શકિત જાગ્રત થાય છે ત્યારે સાધકના શરીરમાં અનેક પ્રકારની યૌગિક ક્રિયાઓ જાગ્રત થાય છે. સદ્ગુરુની શકિત જ સાધકના આધારોમાં પ્રવેશી એના શરીરની શુદ્ધિ-નાડી શુદ્ધિ કરે છે.

સાધકને યોગાગ્નિમાં તપાવી-તપાવી સોનાની જેમ પરમ શુદ્ધ બનાવે છે. અને છેવટે સાધકને આ ભવસાગરમાંથી પાર ઉતારી દે છે. અને મીરાંની જેમ સાધક પરમ દિવ્ય આનંદમાં નાચીને બોલી ઉઠે છેઃ-

“પાયોજી મૈંને રામ રતન ધન પાયો.
વસ્તુ અમોલ કહી મેરે સતગુરુ કિરપા કર અપનાયો”.

આમ, સદ્‌ગુરુની કૃપાથી ભવસાગર મીરાં તરી, શબરી તરી, વિવેકાનંદ તર્યા, સદ્‌ગુરુ તો પરમ અમૃતના સાગર છે. જે એમાં ડૂબકી મારી પ્યાસ બુઝાવે છે, એ પોતે અમૃત સ્વરૂપ બની જાય છે. એમની કૃપા અમોઘ છે. સદ્‌ગુરુની–પરમાત્માની કૃપા વિના કોઈ ભવસાગરને તરી શકતું નથી. એટલે જ તો એક અનુભવી સંત બોલી ઊઠે છે :

"ગુરૂ બિન ભવનિધિ તરહિ ન કોઈ;
ચાહે વિરંચી બ્રહ્મા હોઈ."

નામના મહિમા કેવળ તુલસીદાસજીએ જ ગાયો છે એવું નથી. બાઈબલમાં પણ હું એ જ જોઉં છું. દસમા રોમનની ૧૩મી કલમમાં કહે છે જે કોઈ ઈશ્વરનું નામ લેશે તે મુક્તિ પામશે.

*

એક ઈશ્વરમાં જ સંપૂર્ણ શક્તિ છે. તેથી ઇશ્વર પર જ હંમેશા ભરોસો રાખવો, માણસ પર કદી નહીં.

*

"ઈશ્વર આપણો આશ્રય છે, એ જ આપણું બળ છે. અને તેજ આપત્તિને વખતે આપણી રક્ષા કરે છે."

*

માણસમાં બીજાને છેતરવાની શક્તિ કરતાં પોતાને છેતરવાની શક્તિ ઘણી વધારે છે. દરેક સમજુ માણસ આ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ છે.



# नास्ति तत्त्वं गुरोः परम्

સંકલન : મમતા પી. ભાટિયા.

સંસારમાં માતા–પિતા, ભાઇ–બહેન, પતિ–પત્નીના સંબંધની જેમ ગુરુ–શિષ્યનો સંબંધ પણ એક અનોખો સંબંધ છે. બીજા બધા સંબંધો જીવનનાં બંધનો વધારનાર છે, જ્યારે ગુરુ–શિષ્યનો સંબંધ બધાં સંબંધોથી-બંધનોમાંથી મુક્તિ અપાવે છે. આથી સંસારમાં જો કોઇ સાર્થક સંબંધ હોય તો તે છે ગુરુ–શિષ્યનો સંબંધ. આજ એક માત્ર એવો સંબંધ છે કે જે બીજા બંધનોમાંથી છોડાવીને છેલ્લે પોતે પણ ખસી જાય છે. જીવને પોતાના શિવસ્વરૂપનો અનુભવ કરાવીને પરમ મુક્ત બનાવી દે છે.

આ અદ્‌ભુત પદમાં આરૂઢ થવા માટે સદ્‌ગુરુનું સાંનિધ્ય એક અનિવાર્ય આવશ્યકતા છે. સદ્‌ગુરુ એટલે જેમના સાંનિધ્ય માત્રથી, જેમના દર્શન માત્રથી તમારા ભૂલાયેલા શિવ–સ્વરૂપની યાદ આવી જાય, જેમની આંખોમાં તમને પોતાની અસલી આંખોની આભા જોવા મળે, જેમની વાણીમાં તમારા અંતરતમનું મધુર સંગીત ગુંજતું સાંભળવા મળે, જેમની હાજરીમાં તમારું જીવત્વ ઓગળવા લાગે અને અંદર સૂતેલી વિરાટ સંભાવના સળવળી ઊઠે, જેમના શરણમાં જઇને તમે પોતાના અહંને ઓગાળવા તૈયાર થઈ જાઓ.

આ સદ્‌ગુરુ તમારામાં સાહસ ભરે છે, તમારામાં આત્મવિશ્વાસ જગાડે છે અને પછી માર્ગ બતાવે છે કે જેથી તમે તેના પર ચાલવામાં સફળ થઈ જાઓ, અંતર્મુખ થઇને અનંતની યાત્રાએ ઉપડી જાઓ, શાશ્વત શાંતિ અને પરમ નિર્ભયતાના માલિક બની જાઓ.

ગુરુના સાંનિધ્યમાં શિષ્યના ચિત્તમાં મૌલિક રૂપાંતર થવા લાગે છે. ગુરુના ચિત્તમાં અપાર શક્તિ હોય છે કેમકે એમનું ચિત્ત સૂક્ષ્મતા અને વ્યાપકતાની પરાકાષ્ઠાએ પહોંચ્યું હોય છે. શિષ્યનું ચિત્ત હજી ભૌતિકતાની પાશથી વીટળાયેલું હોય છે, જેથી તે ઈશ્વરત્વને જોઈ શકતો નથી. એ ઈશ્વરત્વને ગુરુની પારદર્શી દૃષ્ટિ જોઈ લે છે. શિષ્યને એના ઈશ્વરત્વની જાગૃતિમાં સહાય કરે છે, સંપ્રેક્ષણ શક્તિની વર્ષા કરીને શિષ્યના રોમે રોમને પુલકિત કરે છે.

માનવજાતનું એ સૌભાગ્ય છે કે આજે વિશ્વભરના અનેક વૈજ્ઞાનિકો આધ્યાત્મિક રહસ્યોની શોધ કરવામાં રસ લેવા લાગ્યા છે. અનેક પ્રકારના પ્રયોગો કરીને અધ્યાત્મ શાસ્ત્રને વૈજ્ઞાનિક ઢબે સમજવા પ્રયત્નશીલ બન્યા છે. મનુષ્યની હાજરીની અસર, તેના સંકલ્પો અને કૃત્યોની અસર વનસ્પતિ પર કેવી થાય છે એ જોવા માટે ઘણા પ્રયોગો થાય છે.

એક પ્રયોગમાં એક બગીચાના માળીને બહારગામ મોકલી દેવામાં આવ્યો. બગીચાના છોડવાપર ગોઠવેલા યંત્રોએ છોડવાના વિષાદપૂર્ણ કંપનોની નોંધ લીધી. માળીની ગેર-હાજરીથી જાણે છોડવા દુઃખી ન થતા હોય? પછી જે દિવસે માળીએ પોતાના બગીચા તરફ પાછાં આવવાનો પ્રારંભ કર્યો તે જ વખતે બગીચાના છોડવામાં હર્ષોલ્લાસની લહેર વ્યાપી ગઈ હોય એવાં આંદોલનો યંત્રોએ નોંધ્યાં.

ચૈતન્યની સુષુપ્ત અવસ્થામાં રહેલ વનસ્પતિ પર અશિક્ષિત માળીની ચેષ્ટાઓનો પ્રભાવ પડે છે, તો પરમ સૂક્ષ્મ અવસ્થામાં વિચરણ કરતા સદ્ગુરુની અમીમય દૃષ્ટિથી શિષ્યની અંદર સુતેલા ચૈતન્યની ચિનગારી પ્રગટીને પ્રકાશિત જ્યોત્ બની જાય એમાં શું નવાઈ હોઈ શકે? એકસરે



મશીન પહેરેલાં કપડાં, ચામડી, સ્નાયુઓ, રક્ત, માંસ એ બધાંની આરપાર જઈને હાડકાંનો ફોટો ખેંચી લાવે છે. તમારામાં જે અનંત ચૈતન્ય તત્ત્વ છે, તમારું જે વાસ્તવિક સ્વરૂપ છે તે તમને જ્ઞાત નથી, પરંતુ સદ્ગુરુને સારી રીતે જ્ઞાત છે. તેઓ પોતાની કરૂણામય દૃષ્ટિથી એ વાસ્તવિકતાને જોવાનો માર્ગ બતાવે છે. જે આત્મદેવમાં સદ્ગુરુ પોતે વિરાજ્યા છે એ આત્મદેવની ઝાંખી તમને પણ કરાવી દે છે. સદ્ગુરુ શિષ્યને આપ સમાન બનાવી દે છે. વિશ્વમાં જો કોઈ મહાનમાં મહાન, કાર્ય હોય તો તે છે. જીવને જગાડીને તેને શિવતત્ત્વમાં સ્થાપિત કરવાનું, પ્રકૃતિની પરાધીનતામાંથી માનવને છોડાવીને સ્વરૂપની સ્વાધીનતા બક્ષવાનું.

બ્રહ્મનિષ્ઠ મહાપુરુષના સંનિધ્યમાં આ કાર્ય સ્વાભાવિકપણે જ થયાં કરે છે. ઉપનિષદ કહે છે:–

यद् यद् स्पृश्यति पाणिभ्यां यद् यद् पश्यति चक्षुषा ।
स्थावरणापि मुच्यन्ते किं पुनः प्राकृताः जनाः ॥

બ્રહ્મજ્ઞાની મહાપુરુષ બ્રહ્મભાવથી પોતાના હાથ વડે જેને જેને સ્પર્શે છે, પોતાની આંખો વડે જે જે જુએ છે, તે તે સર્વે જડ પદાર્થો પણ કાલાંતરે જીવત્વ પામીને આખરે બ્રહ્મત્વ પામી મોક્ષ મેળવે છે, તો પછી એમની દૃષ્ટિમાં આવેલ માનવીના વહેલામોડા મોક્ષ વિષે તો શંકા જ કેમ રહે?

જીવ મૂળ સ્વરૂપે બ્રહ્મ જ છે. અંદર-બહાર, ઉપર–નીચે, સર્વત્ર ભૂત, ભવિષ્ય, વર્તમાનમાં, સદાય એકજ ચૈતન્યદેવ છે, તો પછી જીવને એનો અનુભવ કેમ થતો નથી? આકાશથીય સૂક્ષ્મ અને વ્યાપક આનંદસ્વરૂપ હોવાં છતાં જીવ દુઃખી કેમ છે?

પાણીમાં બે ઘટક છે. હાઇડ્રોજન ઓકિસજન. વાતાવરણમાં આ બને ઘટક હમેશાં ઉપસ્થિત છે. છતાં તે બંનેના મિશ્રણથી પાણી બનીને વરસાદ રૂપે કેમ વરસતું નથી? વૈજ્ઞાનિકો કહે છે કે હાઇડ્રોજન અને ઓકિસજનમાંથી પાણી બનવા માટે એક 'કેટલિટિક એજન્ટ' ની જરૂર પડે છે. અને એ છે વિદ્યુત પ્રવાહ. પાણીમાંનું આ કોઈ ત્રીજું ઘટક નથી, પણ એક ઉપસ્થિતિ માત્ર છે. તેવી જ રીતે જીવને પોતાના બ્રહ્મસ્વરૂપનો બોધ કરાવવામાં સદ્‌ગુરુની ઉપસ્થિતિ જોઇએ. સદ્‌ગુરુ પોતે તો અકર્તા છે. એમના સાંનિધ્ય માત્રથી જીવની જડતા ઓગળવા લાગે છે અને સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રગટવા લાગે છે.

ભારતમાં સત્‌શિષ્યો પાકે છે અને સત્‌-શિષ્યો જ સદ્‌ગુરુ બની શકે છે. સદ્‌ગુરુ જ સદુપદેશનું દાન કરી શકે છે. આધ્યાત્મિક ઉપદેશનું વેચાણ નથી થતું પણ દાન થાય છે. તેથી આપણે સદ્‌ગુરુઓના ઋણી રહીએ છીએ, સદાયને માટે એમના કરજદાર રહીએ છીએ. સદ્‌ગુરુના કરજદાર રહેવું એ સંસારના સૌથી મોટા ધનિક હોવા કરતા અનંતગણું શ્રેષ્ઠ છે, પરમ સદ્‌ભાગ્યની વાત છે.

અમોને જે અમૃતના કણો મળ્યા છે તે મારા સદ્‌ગુરુદેવની કૃપા-પ્રસાદી છે, મહાપુરુષની પ્રસાદી છે, ભારતીય યોગ અને વેદાંતની કૃપા-પ્રસાદી છે. એ બીજનું અમે સંવર્ધન કરતા રહીએ, એને ખિલવતા રહીએ, વધારતા રહીએ, એ મળેલી ચિનગારીને સતત ફૂંકતા રહીએ. એને પ્રમાદથી બુઝાવા ન દઇએ. તો એક દિવસ જરૂર એમાંથી અમર જ્યોત ઝળહળતી થઈ જશે. આપણા હૃદયમાં જે ગુરુત્વ ઉતરી શક્યું છે તેને મારા નમસ્કાર.



बंदऊं गुरू पद पद्म परागा, सुरूचि सुवास सरस अनुरागा ।
श्रीगुरू पद नख मनि मन जोती, सुमिरत दिव्य दृष्टि दिय होती ।
गुरु पदरज मृदु मंजुल अंजन, नयन आमिअ दृगदोव निमंजन ।
गुरू विन भवनिधि तरहिं न कोई, जो विरंचि शंकर सम होई ।
(સંત તુલસીદાસ)

માણસે ઈશ્વર પર એટલો સંપૂર્ણ વિશ્વાસ મૂકવો જોઈએ કે જેથી તેને દુનિયાની સહાનુભૂતિની જરૂર જ ન રહે.

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૨
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૨

## મંથન

સાગર જળમાં છીપ સરી ભઈ
વીરલા લાવે ગોતી,
નિરત અવિરત જતન કરો કંઈ
હાથ અલૌકિક મોતી....વીરલા

જળહળ પંથ પ્રજાળે તમહર
પાંચ પદારથ ધરતી,
અંધકાર ઘનઘોર જગતનાં
દીપે નવખંડ જ્યોતિ.....વીરલા

અગમ ગતિમય ધારા ઉતરી
શંકર સમ જન પામે,
દેહ ભૂમિ વન પર્વત ન્હાવે
પરમ પાવની વહેતી....વીરલા

સાગરમાં ઘટ ઘટમાં સાગર
ઘટ સાગરનું અંતર,
ભેદ ભ્રમ પરખે મન નિર્મલ
તરણા ઓથે રહેતી....વીરલા

નટવરલાલ. ક. ભટ્ટ "નિર્મલ"



## બંધન–મુક્તિ

અન્તરના અંતરમાં આજે મૂક અજંપો પીડે !
મુકત ગગનનું આહત પંખી પૂરાયું શું નીડે !
મૂક અજંપો પીડે,

ધ્રુવતારક, સૂકાન હલેસાં, વણમંઝિલ શી યાત્રા !
ગન્તવ્યે ના ગમ, પ્રાપ્તવ્યે પુરુષાર્થ રજ માત્રા.
વિસંવાદી શા બસૂરા સૂરો સુરાવલિને ભીડે:
મૂકે અજંપો પીડે.

નયન ઠરે ના ગગનગલીએ પાય ન ઠરતા ધરતી !
ધરા-ગગનને પાંખ ન આંબે, ઓટ ધસે જયાં ધરતી !
આંખ પાંખ સંવાદવિહોણાં, ખગ અટવાતું ચીડે:
મૂક અંજપો પીડે.

માનસ સરના રાજહંસ ! શી બદ્ધદશા ! મુક્તાત્મા !
મધલાળે કર્દમ કળણે ગરકાવ વિપથ તવ યાત્રા.
ખંખેરી રજપાર્થિવતાની, લીલા અસલી નીડે:
કોણ અજંપો પીડે ?

અન્તરના અંતરમાં ત્યારે
કો ન અજંપો પીડે.

ડૉ. રણજિત પટેલ
(अनामी)

# પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહનું ઉદ્દઘાટન

પરમ આદ્યશક્તિ મા જગદંબા તેમજ પ. પૂ. ગુરૂદેવશ્રી મહાત્માશ્રી યોગેશ્વરજીની અસીમ કૃપાથી યાત્રાધામ અંબાજી ખાતે બંધાઇ રહેલ પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહનું ઉદ્દઘાટન ગુરૂપૂર્ણિમાને તા. ૨૧-૭-૮૯ને સોમવારના રોજ કરવાનું ઠરાવ્યું છે. મંગલ પૂજનવિધિ પૂ. શ્રીના પરિવારના સભ્યના હાથે કરાવવામાં આવશે.

ઉદ્દઘાટનમાં ભાગ લેવા આવનાર સાધક ભાઇબહેનોએ તા. ૨૦-૭-૮૯ને રવિવારે બપોર સુધીમાં અંબાજી પહોંચી જવા વિનંતિ છે. પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં રવિવારે બપોર પછી સત્સંગ તેમજ ધ્યાન વગેરેનો ખાસ કાર્યક્રમ રહેશે.

કાર્યક્રમની પૂર્ણાહૂતિ તા. ૨૧-૭-૮૯ના રોજ બપોર પછી થશે.

તંત્રી
અધ્યાત્મ



સત્ય, અહિંસા, પ્રેમ, દયા તેમજ વિશ્વ ઐક્યતાના પ્રખર હિમાયતી...

# સંત કવિ સદ્દગુરૂ કબીર સાહેબ

સંકલનઃ ચંદ્રકાન્ત બી. સાધુ

(શ્રી કબીર જયંતિના ઉપલક્ષમાં)

આજના વર્તમાન વિશ્વનું ચિત્ર બહુજ ખેદજનક તથા દુઃખદાયી છે. આજે ચારે તરફ હિંસાનું જ સામ્રાજ્ય ફેલાયેલું છે. સવારના પહોરમાં પેપર ઉઘાડતા જ લૂંટ, ખૂન, બોમ્બ વિસ્ફોટ, આગ, બળાત્કાર, બસ લૂંટ, બેંક લૂંટ, શહેરથી બહાર આવેલી સોસાયટીઓમાં પણ લૂંટ, એક્સીડેન્ટ વગેરે સમાચારો વાંચવા જોવા મળે છે. એનાથી આગળ વધતાં વિશ્વના દેશો પણ આપસમાં સહઅસ્તિત્વની ભાવના ભૂલી એક બીજાના પ્રદેશો ઉપર સત્તાના તેમજ શસ્ત્રોના મદમાં અંધ બનેલાં સત્તાધીશો નજીવા કારણસર માનવ વિનાશક બોમ્બમારો કરતા અચકાતા નથી. આવા હિચકારી, અત્યાચારી, ગાંડપણ જેવા હુમલાના કારણે અનેક નિર્દોષ નાગરિકો માર્યા જાય છે. આ વિનાશ લીલા ક્યાં જઇ અટકશે, તેની અટકળ કરવી સ્વપ્ન સમાન છે. આજના વૈજ્ઞાનિક-ભૌતિક યુગમાં માનવી આગળ વધતો જાય છે તેમ તેમ તેના માનસની વિકૃત પ્રગતિ વિનાશ તરફ દોરી જાય છે. ક્યાં તો સર્વ સાધનો માનવની શાંતિ માટે તેમજ પ્રગતિ માટે ઉત્પન્ન કર્યાં હતાં, પરંતુ હવે આ સાધનો માનવશાંતિ માટે નહિ પરંતુ તેના વિનાશ માટેનાં સાધનો બની ગયાં છે. વિખ્યાત કથાકાર શ્રીમોરારીબાપુ હરિયાણી દરેક કથામાં દર્દભરી અપીલ કરતા જ હોય છે કે, તમો પહેલા માનવ છો, તો માનવ

બની રહો. એક બીજાના સુખદુઃખમાં હિસ્સો લો. મનમાં સહ-અસ્તિત્વની ભાવના રાખી દેશના કાર્યોમાં સહકાર આપી દેશના તેમજ આધ્યાત્મિક ક્ષેત્રે કાર્ય કરો. પરંતુ આજનો માનવસમાજ જ્યાંનો ત્યાંજ છે. કથાની કે સત્સંગની કોઈ અસર આજે તો દેખાતી નથી. કદાચ અપવાદ રૂપ ક્યાંક સુધારો થયો હશે. તેને બાદ કરતાં દુનિયાનું ચિત્ર જોશો તો તે અત્યંત નિરાશાજનક છે. ક્યારે શું થશે ? એ તો ફક્ત ઈશ્વર જ જાણી શકે છે.

આજથી ૫૮૭ વર્ષ પહેલાં પણ આવી સ્ફોટક પરિસ્થિતિ દેશની હતી. તે સમયે ભારતમાં મુસ્લિમ રાજ્ય સત્તા હતી. તેથી હિન્દુ પ્રજા તેમજ મુસ્લિમ પ્રજા આપસમાં ધર્માંધતામાં અંધ બની, નાસમજના કારણે આપસમાં દુશ્મન બની લડતા. બન્ને કોમોના ધર્માચાર્યો હિંસાના દોરને સમાપ્ત કરવાના પ્રયત્નો કરવાને બદલે, તેને વધુ ભડકાવવાનો પ્રયત્ન કરતા રહેતા. બિચારી હિન્દુ પ્રજાનો મરો હતો. દુઃખ અને ત્રાસથી ઘેરાયેલી હતી. જ્યાં-ત્યાં અશાંતિનું સામ્રાજ્ય ફેલાયેલું હતું. મુસ્લિમ રાજ્યસત્તા બેકાબુ બની હિન્દુ પ્રજાને ત્રાસ આપી રહી હતી. આવા કપરા સંજોગોમાં હિન્દુ-મુસ્લિમ ઐકયતાના પ્રખર હિમાયતી સંત કવિ સદ્‌ગુરૂ કબીર સાહેબનું પ્રાકટ્ય કાશીમાં થયું હતું.

આ સંત કવિએ બન્ને કોમોને આપસમાં શાંતિથી સલાહસંપથી રહેવાની અપીલ કરી હતી. બન્ને કોમો ધર્માન્ધતામાં અંધ બનેલી હતી. કેવી રીતે સમજાવવું ? સદ્‌ગુરૂ કબીર સાહેબે યુક્તિ વિચારી પોતાની મૌલિકતા સભર વાણી દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે, તે સુંદર ઉપદેશાત્મક વાણીનું આપણે આજે રસપાન કરીશું. આ વાણી-શબ્દનો



જેટલો ઉપયોગ મુસ્લિમ રાજ્યસત્તા સમયે હતો તેટલો જ ઉપયોગ આજનાં વૈજ્ઞાનિક યુગમાં પણ છે. તેનું રસદર્શન કરીશું ત્યારે તેની ઉપયોગીતા જણાય આવશે. સંત કવિ સદ્‌ગુરૂ કબીર સાહેબે પહેલા તો ઈશ્વરની એકતા પર પોતાના વિચારો દર્શાવ્યા છે. કહે છે-

"શબ્દ"

ભાઈ રે દુઇ જગદીશ કહાં તે આયા;
કહુ કૌને બૌરાયા.

હે ભાઈઓ ! આ જગતમાં બે ઈશ્વર ક્યાંથી આવ્યા ? આવું તમને કોણે કહ્યું ? આવી મિથ્યા વાત કે ઈશ્વર બે છે, કોને કહી ? આવું કહી તમને કોણે ભરમાવ્યા ?

અલ્લહ રામ કરીમા કેશવ;
હરિ હજરત નામ ધરાયા.

અલ્લા, રામ, કરીમ, રહીમ, કેશવ (કૃષ્ણ), હરિ, હજરત આ સર્વ નામો ભલે અલગ અલગ છે. પરંતુ આ નામો એક જ પરમાત્માના નામમાં વિલીન થઇ જાય છે. કહેવાનો ભાવાર્થ એ છે કે, પરમાત્માનાંજ આ બધાં નામો છે.

ગહના એક કનક તે ગહના;
યામે ભાવ ન દૂજા.

સંતકવિ સદ્‌ગુરૂ કબીર સાહેબ સોનાનું દૃષ્ટાન્ત આપતા સમજાવે છે કે, સોનુ એક જ પ્રકારનું હોય છે. ઠીક તેવી જ રીતે સોનામાંથી અનેક અલંકારો બને છે. જેનાં નામો અલગ અલગ હોય છે. જેવી રીતે કે, બંગડી, હાર, લોકેટ, એરીંગ વગેરે નામોથી ઓળખાય છે. પરંતુ આ અલંકારોમાં સોનુ મુખ્ય છે, નામ ગૌણ છે. સંત કવિ કહે છે, જેમ દાગીના-

એમાં સોનુ એક જ છે પરંતુ સોનામાંથી બનેલા અલંકારો નામ ભેદથી જુદા જુદા છે, ઠીક તેવી જ રીતે આ સૃષ્ટિને ઉત્પન્ન કરનાર પરમાત્મા ઈશ્વર એક જ છે. પરંતુ માનવે તેને ઓળખવા માટે અલગ અલગ નામો આપ્યાં છે. અને આ જુદાં નામોને લઈ આપસમાં નાસમજને લઈ ઝગડી રહ્યા છે.

કહન સુનનકો દુઇ કરિ થાપે;
એક નિમાજ એક પૂજા.

સાંભળવામાં અને કહેવામાં બેની સ્થાપના કરી છે. જેમકે, એક પૂજા એક નમાજ. વસ્તુતઃ બન્ને એક જ છે. ઈશ્વરની ઈબાદત-પ્રાર્થના બંદગી કહેવામાં ભલે જુદા જુદા ભાસે છે, પરંતુ મુખ્યતઃ છે ઈશ્વરની પ્રાર્થના. નામ અલગ અલગ હોવાના કારણે બન્ને કોમો નાસમજને લઇ નામના માટે લડી મરે છે. અને આજે લડી રહ્યા છે.

વહી મહાદેવ વહી મહમ્મદ;
બ્રહ્મા આદમ કહિયે.

આગળ સમજાવતાં કહે છે કે, મહાદેવ પણ તે જ છે, મહમ્મદ પણ તે જ છે. મહાદેવ અને મહમ્મદમાં (રામ અને રહીમમાં) કાંઈ પણ ફરક નથી. માનવે જાતિ-પાતિ સર્જી ઈશ્વરના નામોમાં પણ ભેદ પાડ્યો છે. આ નામ ભેદના કારણે માનવો આપસમાં કપાઇ મરે છે. આજે પણ આજ દશા છે.

વેદ કિતેબ પઢે વૈ કુતુબા;
વૈ મુલના વૈ પાંડે.

હિન્દુઓ (બ્રાહ્મણો) વેદ વાંચે છે. મૌલાના કુરાન વાંચે છે. બન્ને કોમો પોતપોતાના ધર્મ ગ્રન્થો વાંચે છે. પરંતુ



વેદ-કુરાનનો હાર્દ-રહસ્ય સમજી શકયા નથી. વિચાર-વિવેક ખોઇ બેસી બન્ને કોમો આપસમાં દુશ્મન બની બાખડ્યા કરે છે. ધર્મ ગ્રન્થો શું કહે છે. તેની તેમને પડી નથી. બસ, આંખો બંધ કરી લડવામાં જ સમજે છે.

બેગરિ બેગરિ નામ ધરાયે;
એક મટિયા કે ભાંડે.

જેવી રીતે માટીમાંથી અલગ અલગ વાસણો બને છે, ઠીક તેવી જ રીતે બ્રહ્માએ એક જ માનવ જાત સર્જી છે. નામ ભલે જુદા જુદા હોય જાતિ-પાતિ ભલે જુદી જુદી હોય, પરંતુ બ્રહ્માના સર્જેલા માનવો એક જ છે.

કો હિન્દૂ કો તુરૂક કહાવે;
એક જીમીં પર રહિયે.

જ્યારે બ્રહ્માએ જ ઉત્પન્ન કરેલા માનવો છે તો પછી કોને હિન્દુ કહેવો તથા મુસલમાન કોને કહેવો? ઈશ્વર રચિત સૃષ્ટિ ઉપર (પૃથ્વી ઉપર) બધા જ એક સાથે રહે છે. તો પછી ઈશ્વરના નામે ઝગડો શા માટે કરો છો? કેવી વિચિત્ર વાત છે. સંતો કેટલી સરળતાથી સમજાવી કહી રહ્યા છે, છતાં માનવના બહેરા કાને આવી સુંદર વાતો સંભળાતી નથી તેમજ જાણી જોઈને આ વાણીને સમજવાનો પ્રયત્ન કરતો નથી.

કહહિં કબીર વૈ દોનો ભૂલે;
રામહિ કિનહુ ન પાયા.
વૈ ખસ્સી વૈ ગાય કટાવે;
બાદહિ જન્મ ગંવાયા.

સંત કવિ કબીર સાહેબ કહે છે કે, બન્ને કોમો ભુલાવામાં

પડ્યા છે. અણુસમજના કારણે આપસમાં દુશ્મન બની લડ્યા જ કરે છે. આમ દેવ દુર્લભ શરીર લડવામાં જ ગુમાવે છે. એકેને પણ ન રામ મળ્યા ન તો ખુદા મળ્યા.

હિન્દુ પોતાને મોટો ગણે છે જ્યારે મુસલમાન પોતાને. બીજી જ્ઞાતિના લોકો પણ પોતપોતાને મોટા ગણે છે. પરંતુ મુખ્યતઃ હિન્દુ–મુસ્લિમ જાતિ વધારે પ્રમાણમાં હોવાના કારણે આજ સુધી પોતાને આગળ પડતા અને મુખ્ય મનાવવામાં લડતા જ આવ્યા છે, જે દેશ માટે તેમજ મનુષ્ય સમાજ માટે શરમજનક છે. સંતકવિ કહે છે–હિન્દુ-મુસ્લિમનો સમાજ બાહ્ય સમાજ છે, તમે જાતે ઊભો કર્યો છે. ઈશ્વરને ત્યાંથી તમો માનવ બની આવ્યા હતા ન કે હિન્દુ યા મુસ્લિમ, જન્મ થયા પછી જે તે સમાજના સંસ્કારો તમને આપવામાં આવ્યા છે તેથી તમો હિન્દુ–મુસ્લિમ તરીકે ગણાવો છો. તેથી કબીર સાહેબ કહે છે–

કાજી તુમ કૌન કિતેબ બખાની;
ઝંખત બકત રહહુ નિસિવાસર;
મતિ એકો નહિ જાની;
શકિત અનુમાને સુનતિ કરતુ હૈ;
મૈં ન બદોંગા ભાઈ;
જો ખુદાય તેરી સુનતિ કરતુ હૈ;
તો આપહિ કટિ કયોં ન આઇ.
સુનતિ કરાય તુરૂક જો હોના,
ઔરત કો કયા કહિયે,
અર્ધ શરીરી નારિ બખાની;
તાતે હિંદુ રહિયે.
પહિર જનેઉ જો બ્રાહ્મન હોના;



મેહરિ કયા પહિરાયા;
વો તો જન્મકી સૂદ્રિન પરૂસૈ;
તુમ પાંડે કયોં ખાયા.
હિંદુ તુરૂક કહાં તે આયા;
કિન યહ રાહ ચલાઈ.
દિલમેં ખોજી દેખ ખોજા દે;
ભિસ્ત કહાં તે આઇ;
કહહિં કબીર સુનો હો સંતો;
જોર કરતુ હૈ ભાઈ.
કબીરન ઓટ રામકી પકડી;
અંત ચલે પછતાઈ.

કેટલું સુંદર સ્પષ્ટ સંત કવિ કહી રહ્યા છે. બન્ને કોમોને ઉપરોકત શબ્દોની થપ્પડ મારી સમજાવવાની કોશિષ કરી રહ્યા છે. મુસલમાનને કહે છે, તમે મુસ્લિમ બન્યા છો. ઈશ્વરે બનાવેલા નથી. જન્મ થયા પછી સુન્નતિના સંસ્કારો કરી મુસ્લિમ બનાવ્યા છે. જો તમે સાચા મુસલમાન હોત તો માતાના ગર્ભમાંથી સુન્નતિ કરાવી આવ્યા હોત પરંતુ તેમ બન્યુ નથી. સુન્નતિ કરાવી તમે મુસલમાન બન્યા પણ તમારી સ્રીને શું કહેશો ? તેને તો મુસ્લિમ સંસ્કાર થયા નથી તો પછી તે સ્રી તો હિન્દુ જ રહી. તો પછી હિન્દુ રહેલી સ્રીની સાથે તમે કેમ સંસાર માંડો છો ? બ્રાહ્મણને ફટકારતા કહે છે કે, જો તું સાચો બ્રાહ્મણ હોત તો ગર્ભમાંથી જનોઇ ધારણ કરીને આવ્યો હોત પરંતુ તેમ થયું નથી. જન્મ થયા પછી બ્રાહ્મણના સંસ્કાર આપવામાં આવ્યા પછી તું બ્રાહ્મણ બન્યો. તમે તો જનોઇ ધારણા કરી બ્રાહ્મણ કહેવાયા. પરંતુ તમે તમારી સ્રીને શું પહેરાવ્યું ? કશું જ નહિ. સંસ્કાર પણ નથી કર્યા.

તેથી તે જન્મથી જ શુદ્ર જ બનેલી રહી. તો પછી તેનું બનાવેલું ભોજન તમે કેમ કરો છો ? આ પ્રમાણે હિંદુ અને મુસલમાન ક્યાંથી આવ્યા ? કોણે આવો શિરસ્તો પાડ્યો કે, આ હિન્દુ અને આ મુસલમાન. અરે ! પાગલો ! જરા વિચારો, તમારા દિલથી હ્રદયથી વિચારો, આવુ બધું ક્યાંથી આવ્યું ? માનવ–માનવ વચ્ચે ભેદ પાડનાર વસ્તુ ક્યાંથી આવી ? શું દંભ કરો છો. શા માટે ? કોને માટે ? આ બધુ છોડી દો અને શાંતિપૂર્વક સલાહ સંપથી જીવન જીવો અને જીવવા દો. આગળ સમજાવતા કહે છે–

જો તુમ બ્રાહ્મન બ્રાહ્મનિ જાયા;
અવર રાહ કાહે ન આયા,
જો તુમ તુરૂક તુરૂકની જાયા,
પેટહિ કાહે ન સુનતિ કરાયા.
કારી પિયરી કહહુ ગાઇ;
તાકર દુધ દેહ બિલગાઇ,
છાંડુ કપટ નર અધિડ સયાની;
કહહિં કબીર ભજુ સારંગ પાની.

સંતો કેટલુ સમજાવે ? સમજાવે છે, છતાં માને છે કોણ ? જો તુ પોતાને ઉચ્ચ કુળનો બ્રાહ્મણ માને છે તો પછી તુ બીજા રસ્તેથી કેમ ન આવ્યો ? જો તુ બીજા રસ્તેથી આવ્યો હોત તો જરૂરથી અમે તમને ઉચ્ચકુળના માનત. પરંતુ એવું તો છે નહિ. બધાનો જન્મ જે રસ્તેથી થાય છે તેમાંથી જ તમે પણ આવ્યા છો, જન્મ્યા છો. તો પછી બ્રાહ્મણપણાનું અભિમાન શા માટે કરો છો ? તુરૂક અર્થાત્ મુસલમાનને પણ એ જ પ્રમાણે કહે છે કે, તમારી જાતને તમે સાચા મુસલમાન માનો છો તો પછી પેટમાંથી જ સુન્નતિ કરાવી



કેમ ન આવ્યા ? કાળી, લાલ, સફેદ ગાયનું દુધ જો એકજ વાસણમાં કાઢવામાં આવે તો તેને તમે કેવી રીતે અલગ કરી શકો છો ? ગાયનો રંગ જુદો છે પરંતુ દુધ નો રંગ એકજ છે. તેથી સદ્ગુરૂ કહે છે-કાળી, પીળી, લાલ સફેદ ગાયનું દુધ કાઢો અને પછી જે તે રંગની ગાયનું દુધ અલગ તારવી આપો તો તમને હું ખરા હોશિયાર ગણું. પરંતુ આ શક્ય જ નથી. તેથી પરમાત્મ તત્ત્વ પણ એકજ છે. માટે મારૂં કહ્યું માનો અને આપસના ઝગડા છોડી સલાહ-સંપથી ભાઇ-ચારાના ભાવથી રહો. તો તમારૂં તેમાંજ કલ્યાણ છે.

આટલી બધી સ્પષ્ટતાથી કોણ કહી શકે અને તે પણ મુસ્લિમ રાજ્ય સત્તાના અમલ દરમ્યાન ! આવી હિંમત તો સંત જ કરી શકે. કારણકે, સંત નીડર, નિર્ભય હોય છે. તેને કશાનો ડર હોતો નથી. માટે જ નિર્ભય બની આટલી બધી વાતો સ્પષ્ટપણે કહી શક્યા છે.

મુસ્લિમ અમલદારો, ફકીરો, મૌલવીઓ સદ્ગુરૂ કબીર સાહેબની ઉપરોક્ત વાણી સાંભળી ઘણાજ ખોફ પામ્યા. અને આપશ્રી ને મારવા માટે ઘણાજ પ્રયત્નો કર્યા. પરંતુ કહેવત છે કે, 'જાકો રાખે સાંઇયા, મારિ શકે નહિ કોય;
બાંકા બાલ ન કરિ શકે, જગ બૈરિ હોય;

સંતકવિ સદ્ગુરૂ કબીર સાહેબનો વાંકો વાળ પણ ન કરી શક્યા. છતાં સદ્ગુરૂએ ઉદ્ગાર કાઢ્યા–

'કબીર ખડા બાજારમેં, સબકી ચાહે ખેર;
ના કાહૂ સે દોસ્તી, ના કાહૂ સે વેર.'
'હિન્દુ કહો તો મૈં નહિ, મુસલમાન ભી નાંહિ;
પાંચ તત્ત્વકા પુતલા, ગૈબી ખેલે માંહિ.'

આત્મ તત્ત્વ તરફ અંગુલિ નિર્દેશ કરતાં કહે છે–

'જિન ઢૂંઢા તિન પાઇયા, ગહિરે પાની પૈઠિ;
મૈં બૌરા બૂડન ડરા, રહા કિનારે બૈઠિ.
વસ્તુ કહીં ઢૂંઢે કહીં, કોહિ વિધિ આવે હાથ;
વસ્તુ ઠૌર કી ઠૌર હૈ, ભેદી લીજે સાથ.'
નામલિયા જિન સબલિયા, સબ શાસ્ત્રન કો ભેદ;
બિના નામ નરકે ગયે, પઢિ ગુનિ ચારોં વેદ.
નામ મિલાવે રૂપકો, જો જન ખોજી હોય;
જબ વહ રૂપ હૃદય બસે, ક્ષુધા રહે ન કોય.
સાધો ઇન્દ્રિય પ્રબલ કો, જિહિતે ઉઠે ઉપાધ;
મન રાજા બહકાવતે, પાંચો બડે અસાધ.
કલિમેં જીવન અલ્પ હૈ, કરિયે બેગિ સમ્હાર;
તપ સાધન નહિં હો સકે, કેવલ નામ આધાર.
શ્વાસ શ્વાસમેં નામ લે, મિથ્યા શ્વાસ ન ખોય;
ના જાને‌ા યહ શ્વાસ કો, આવન હોય ન હોય.
રામકૃષ્ણ સે કો બડા, ઉનહું તો ગુરૂ કીન્હ;
તીન લોક કે વે ધની, ગુરૂ આગે આધિન.

સંતકવિ સદ્‌ગુરૂ કબીર સાહેબે માનવજાતિની દરેક ક્ષેત્રે ઉન્નતિ સધાય તે દષ્ટિથી જેટલું કહેવાય તેટલું સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે. ફકત આ ઉપદેશાત્મક શબ્દોને પોતાના ચાલુ જીવનમાં ઉતારી આચરણ કરવાનું બાકી રહે છે. વિશ્વને‌ા માનવ સમાજ આ શબ્દો તરફ લક્ષ આપશે તો હું માનુ છું કે, માનવ સમાજ જ નહિ પરંતુ વિશ્વને‌ા નકશો બદલાઇ જશે. કારણકે વાણીમાં-શબ્દોમાં એ તાકાત છે.

'શબ્દે મારા ગિર પડા, શબ્દે છોડા રાજ;
જિન જિન શબ્દ વિવેકિયા, તિનકા સર ગયા કાજ.'



આ છે શબ્દની તાકાત. શબ્દોથી તો મનુષ્યનું જીવન બદલાઇ જાય છે. શબ્દો જીવનમાં આમૂલ પરિવર્તન લાવે છે. પરંતુ કયારે ? તે તરફ લક્ષ હોય ત્યારે.

સંતકવિ સદ્‌ગુરૂ કબીર સાહેબની સાચી શ્રદ્ધાંજલિ તો ત્યારે જ ગણાશે જયારે માનવ સમાજ તેઓના ઉપદેશેલા માર્ગ પર ચાલે. પોતાનું જીવન તો સુધારશે જ તેની સાથે વિશ્વના માનવ સમાજને પણ સુધારવાનું બીડુ ઝડપશે ત્યારે ગણાશે. છેલ્લે સદ્‌ગુરૂનું મુખ્ય સુત્ર લખી વિરમુ છું—

'દિલમેં ખોજી દિલહિમાં ખોજો,
ઇહૈ કરીમા રામા
—સદ્‌ગુરૂ કબીર સાહેબ

શ્રી યોગેશ્વર કૃપા.
સંદિપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે—સુરત.

# ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યા (૨)

પ્રા. જનાર્દન દવે

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ઉપનિષદોમાં ઇશાવાસ્ય, કેન, કઠ, મુંડક, માંડૂક્ય, છાંદોગ્ય, બૃહદારણ્યક, ઐતરેય, તૈત્તિરીય, શ્વેતાશ્વતર, આ મુખ્ય ઉપનિષદો છે. આમ તો ઉપનિષદો સોથી પણ વધુ પ્રાપ્ત થાય છે. પાછળના ગણાતા ઉપનિષદોમાં પણ બ્રહ્મબિંદુ, જાબાલ, મૈત્રાયણી, મુક્તિકોપનિષદ્ અને યોગકુંડલિની પણ બ્રહ્મમીમાંસાની રીતે જાણીતા છે.

ઉપનિષદોનો સ્વાધ્યાય શરૂ કરતાં પહેલાં જે વેદનું ઉપનિષદ્ હોય તે વેદનો શાંતિપાઠ વક્તા શ્રોતા બોલે પછી ઉપનિષદ્ સ્વાધ્યાય થાય અને છેલ્લે ફરીથી શાંતિપાઠ થાય એવી ઋષિ પરંપરા છે.

પૂર્વ અને પશ્ચિમની પદ્ધતિ ભિન્ન ભિન્ન છે. જ્ઞાનની ચર્ચામાં પશ્ચિમ હમેશાં પ્રશ્ન અને પડકાર (challenge) (જેને આહ્વાન કહીએ તો યોગ્ય થશે) થી શરૂ કરશે, જ્યારે પૂર્વ હમેશાં પ્રાર્થના અને પ્રણામથી શરૂ કરશે. શાંતિપાઠના એક મંત્રમાં ब्रह्मणे नमस्ते वायो બ્રહ્મને પ્રણામ, વાયુને પ્રણામ, એમ પ્રણામથી પ્રારંભ છે. सहनाववतु सहनौ भुनक्तु અમારું સાથે રક્ષણ કરો, અમે સાથે ભોગવીએ. એમ પ્રાર્થના છે.

સર્વજ્ઞ, સર્વશક્તિમાન પરબ્રહ્મની સમીપ બેસવું છે તો ઋજુતાથી જઇએ, મૃદુતાથી જઇએ. ઉપનિષદ્ એટલે મારે



ગુરુદેવ પાસે જ આ ગૂઢ વિદ્યા માટે એકાંતમાં બેસવું એમ નથી. ઉપનિષદો આપણને બ્રહ્મ સમીપ, આપણા સ્વરૂપની પણ નિકટ લઇ જાય છે. ઉપનિષદોનો સ્વાધ્યાય વાણી વિલાસ નથી. શુષ્કચર્ચા માત્ર નથી પણ સ્વરૂપસ્થ થવાની સાધના છે. સ્થૂળમાંથી સૂક્ષ્મ તરફ, અવિદ્યામાંથી વિદ્યા તરફ, જડમાંથી ચેતન તરફ, જન્મ-જરા-મરણના વિષાદમાંથી અમૃતત્વ તરફ શોકમાંથી આનંદ તરફ જવાનું છે; આ માટે અહંભાવ ત્યજી, પ્રપત્તિના ભાવથી, શરણાગતિના ભાવથી ભગવાન પાસે જવાય.

વળી ઉપનિષદ્‌વિદ્યા એ અપરા વિદ્યા નથી, પરા વિદ્યા છે. વ્યવહાર સુખોની સંપ્રાપ્તિની આ વિદ્યા નથી, પણ પરમ સમીપે જવાની આ સાધના છે માટે પ્રણામ અને પ્રાર્થનાથી ઉપનિષદોનો સ્વાધ્યાય શરૂ થાય છે.

ઉપનિષદોની વિદ્યા અત્યંત રહસ્યમય અને નિગૂઢ હોઈ સર્વ લોકો માટે નથી. બ્રહ્મની જિજ્ઞાસા પૂર્વે વ્યક્તિએ પોતાના જીવનમાં કેટલીક તૈયારીઓ કરવી પડે છે. પરમાત્મા જ સર્વ રીતે પરમ આપ્ત અને મારા માટે સૌથી નિકટના હોઇ મારે માટે સૌથી વધુમાં વધુ પ્રિય તે જ છે. आत्मा वै सर्वेषां भूतानां मधु આત્મા જ સર્વ પ્રાણીઓને માટે ઇષ્ટતમ છે તેથી અનિત્ય એવા દેહ, ઘર, પ્રાણી પદાર્થોના બદલે નિત્ય બ્રહ્મ પર જ મારે પ્રેમ કરવો છે એવી પાકી સમજ અત્યંત આવશ્યક છે. શ્રુતિ કહે છે આ આત્મા पुत्रात् च प्रेयाच्च પુત્રો અને સમસ્ત પ્રિય પદાર્થોથી પણ પ્રિયતમ છે.

नित्यो नित्यानां चेतनश्चेतनानामेको बहूनां यो विदधाति कामान्
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां शान्तिः शाश्वती नेतरेषाम् ॥
—કઠ. ૨. ૧૩

આ આત્મા જે નિત્યોનો નિત્ય અને ચેતનોનું પણ ચેતન છે અને એક જ હોવા છતાં સૌ પ્રાણીઓની કામનાઓની પરિપૂર્તિ કરે છે તે પોતાની અંદર વિરાજેલા પુરુષને જે ધીર પુરુષો અર્થાત્ જ્ઞાનીઓ સતત નિહાળ્યા કરે છે તેમને જ શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય છે અન્યને નહીં.

વળી કર્મોવડે ઐશ્વર્યાદિ જે આ લોકના સુખો છે તે બધા નાશવંત છે તેવી જ રીતે પુણ્યોવડે પ્રાપ્ત થતાં સ્વર્ગાદિના સુખો પણ નાશવંત છે, એવો ઐહિક આમુષ્મિક સુખો પરનો તીવ્ર વૈરાગ્ય પણ અનિવાર્ય છે. શ્રુતિ માતા પણ કહે છે तद्यथेह कर्मचितो लोक क्षीयते एवमेवामुत्र पुण्यचितो लोक क्षीयते ।

આ સિવાય વાસના ત્યાગ, બાહ્યવૃત્તિઓનું દમન કરી એકાન્ત પર પ્રેમ, તિતિક્ષા, ઉપરિત, સમાધાન ઇત્યાદિ આંતરિક સંપત્તિ પણ આવશ્યક છે. સૌથી વધુ તો મોક્ષ પામવા માટેની અથવા આત્માનુભવની તીવ્ર ઇચ્છા પણ અનિવાર્ય છે. શ્રીશંકરાચાર્યમહારાજ તો કહે છે કે

दुर्लभं त्रयमेवैतत् देवानुग्रह हेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वम् महापुरुषसंश्रयः ॥

પરમાત્માના પરમાનુગ્રહથી જ આ ત્રણ વસ્તુઓ દુર્લભ ગણાય છતાં ક્યારેક કોઈને પ્રાપ્ત થાય છે મનુષ્યશરીર, મોક્ષની તીવ્ર ઇચ્છા અને મહાન સદ્દગુરુનો સમાશ્રય.



# ધૂની અમે તો એવા

રે'તા પાગલ જેવા, ધૂની અમે તો એવા !
જેવા છીએ તેવા, ધૂની અમે તો એવા !

તાલાવેલી ત્રિકમ શું લાગી,
બન્યા અમે એના અનુરાગી;
કરીએ હરિની સેવા, ધૂની અમે તો એવા !

લોકલાજની શાને પરવા ?
અપવાદો કાને શું ધરવા ?
ફરીએ ફકીર જેવા, ધૂની અમે તો એવા !

ભાવતાં ભોજન, ભાવતી ભાજી,
જે પ્રભુ આપે એમાં રાજી;
ખાતા હરિગુણ મેવા, ધૂની અમે તો એવા !

પીતા હરિરસ કેરી પ્યાલી,
થાય કદાપિ જે નવ ખાલી;
ન્યારા 'જગદીશ' જેવા, ધૂની અમે તો એવા ?

જગદીશચંદ્ર એસ. આચાર્ય (સત્યસ્નેહી)

# જય જગન્નાથ

ઈશ્વરભાઈ પરમાર્થી

સાંજે ૬-૪૫ થયા એટલે ગાડી ઉપડવા માટે જેવી આગળ સરકી તેવો જોરથી "જગન્નાથ ભગવાન કી જય"-નો બુલંદ અવાજ સ્લિપિંગ કોચના સ્પેશયલ ડબ્બામાં ગાજી ઉઠયો. આખા ડબ્બામાં મહદંશે અમારી મંડળીનાજ સભ્યો હતા. ઓગણત્રીસ જણાનો એકીસાથે અવાજ ગુંજી ઉઠતાં વાતાવરણમાં એક પ્રકારની ચેતના જાણે કે પ્રકટી ઉઠી. સાંભળનારે પણ જાણે કે વિદ્યુતની ઝણઝણાટીનો અનુભવ કર્યો. સંકીર્તનનો પ્રારંભ અનેરા ઉમંગથી થયો. શ્રીજીતુભાઈ, કુંદનબહેન, પૂર્ણિમા, નાનીભૈરવી સહુ કોઈએ મધુર અવાજે એકતાનતાથી ધૂન ગવડાવી. પૂ. માએ મને પણ ગાતો કર્યો હતો. સહજભાવે રચેલી નવી ધૂન ગવડાવી મેં પણ ઉમંગમાં ઉમેરો કર્યો હતો:

જય જય કરુણેશ્વરી મા જય જય માહેશ્વરી !
જય જય ભુવનેશ્વરી મા જય જય બ્રહ્મેશ્વરી !
જય જય સિદ્ધેશ્વરી મા જય જય સર્વેશ્વરી !

અમારા સંકીર્તને સહુ કોઈનું ધ્યાન ખેચ્યું હતું. ટિકિટ ચેકર સુદ્ધાં અમારા સંકીર્તનથી આનંદિત થયો હતો. ગૌરાંગ પ્રભુના પ્રદેશમાં નાચતાં કૂદતાં, સંકીર્તનની મઝા માણતાં, રાત્રે સાડાબાર થઈ ગયા તેનું ભાન કોઈને રહ્યું ન હતું.

જોકે પૂ.મા તો આખી રાત જાગતા બેસી રહ્યાં હતાં. આજ દિન લગીની યાત્રામાં પૂ.માને બંધ ઓરડો મળતો એટલે અમને બધાંને તેમની ચર્યાનો ખાસ ખ્યાલ ન હોતો



આવતો. પરંતુ આજે તો તેમની રાત્રી ચર્યાનો સંપૂર્ણ ખ્યાલ આવી ગયો. એક પણ ઘડી પરમાત્માની યાદ વિના ન જાય તેવી તેમની ચર્યા હતી. આટલા લાંબા ઉપવાસ પછી પણ તેઓ લાંબા થઈને સૂતા નથી તે જોઈને, તે જાણીને, તેમના ચરણોમાં લક્ષકોટિ પ્રણામ કરવાનુંજ મન થાય છે.

બરાબર બાર કલાકની ગાડીની મુસાફરી પછી અમે જગન્નાથ પૂરીમાં આવી પહોંચ્યાં હતાં. મુકામ પ્રાપ્ત કરતા થોડી વાર લાગી હતી. વિલંબ થયો તે એકંદરે લાભદાયી જ નિવડયો હતો. તાજી ઉદ્દઘાટન પામેલી નવી મકાનવાળી હોટલમાં ઉતારો કરાવી પરમાત્માએ અમારા પર અપાર કૃપા કરી હતી. સુંદર ને સ્વચ્છ ઓરડાઓ, પાણીની સરસ વ્યવસ્થા અને સ્હેજ પણ ઘોંઘાટ નહીં તેવી એકાંત જગ્યાએ ત્રણ દિવસ પસાર કરવાની ખૂબ જ અનુકૂળતા રહી.

ત્રણે દિવસ અમે જગન્નાથના વિશાળ મંદિરમાં ઘુમ્યાં, નિરાંતે ફર્યાં ને ભગવાન જગન્નાથના શરણે બેસીને પરમાત્માની ભક્તિ કરી હતી. બીજે દિવસે તો આખી રાત મંદિર ખુલ્લું રહ્યું હતું. તેનો લાભ લેવા અમે રાતે પણ ભગવાનના દરબારમાં ગયાં હતાં. ચૈતન્ય મહાપ્રભુ જે સ્થળે ઉભા રહી ભગવાનનાં દર્શન કરતા તે સ્થળ પણ જોયું હતું. લાકડાની પ્રતિમા બહુ ઓછી જગ્યાએ જોવા મળે છે. આ મંદિરમાં દર બાર વર્ષે લાકડાની પ્રતિમા બદલી નાંખવાનો નિયમ છે તે મૂર્તિને ચોક્કસ જગ્યાએ જ દફનાવવાની વિધિ કરવામાં આવે છે. નવી મૂર્તિ દર બાર વર્ષે વિધિસર સંસ્થાપવાનો ઇતિહાસ ઘણો પુરાણો છે. જે રીતે રથયાત્રા આ મંદિરની પ્રખ્યાત છે તે રીતે નવી મૂર્તિની સંસ્થાપના પણ જાણીતી છે.

અમને તો જગન્નાથ ભગવાન વૈભવી લાગ્યા. દરરોજ છ વખત ભગવાનને ભોગ ધરાવવામાં આવે છે. આ ભોગ તૈયાર કરવા માટે ૪૫૦ બ્રાહ્મણો નિયમિત રસોડામાં કાર્યરત હોય છે. કુલે ૭૫૨ ચુલાઓ છે, જેના પર નિયમિત ભોગ તૈયાર કરવાનો વિશિષ્ટ નિયમ સદીઓથી ચાલુ છે. બધો મળીને પચાસ મણભાત તૈયાર કરી, ભગવાનને વિધિસર ધરાવી, શ્રધ્ધાળુ દર્શનાર્થીઓને પ્રસાદ તરીકે વહેંચવામાં આવે છે. વિધિસર પૂજા કરનાર જેમ ૧૪૪૦ પુજારીઓ છે તેમ માટીના વાસણો બનાવનાર ૭૦૦ કુંભારના કુટુંબો છે. ભગવાનનો આવો વૈભવ રોજના હજારો માણસો દર્શન કરવા આવે તો જ પોષાય. કેટલાં બધાં માણસોને ભગવાન પ્રેરણા કરી નિયમિત પોતા તરફ આકર્ષ્યા કરે છે તે જોઇને ચકિત થઇ જવાય છે. વળી સદીઓથી જ આ નિયમ ચાલુ છે એમાં ઓટ આવી નથી. એમાં કોઇ ફેરફાર થયો નથી. ભગવાનની અકળલીલાનો ઇતિહાસ ભારતના આ ભવ્ય મંદિરે સર્જ્યો છે. જેને જોઇ જાણી શ્રદ્ધાળુ હૃદય ધન્યતાનો અનુભવ કરે છે.

અમારી યાત્રાનો બીજો પણ એક ધન્ય પ્રસંગ છે, જેને યાદ કર્યા વિના રહી શકાય એમ નથી. પૂ.માના સંકલ્પબળનાં દર્શન જગન્નાથના દરિયા કિનારે થયા હતાં. વિષ્ણુસહસ્રનામનો પાઠ સાંજે લગભગ સાડા પાંચે શરૂ કરવામાં આવેલો. તે દિવસે પૂનમ હતી એટલે મોટી ભરતીનાં મોજાંઓ ઉછાળા મારતાં હતા. અમે બધા અર્ધગોળાકારે બેઠાં હતાં ને પૂ.મા બરાબર વચ્ચે બેઠાં હતાં. લગભગ સો ફૂટ જેટલી દૂર ઉંચી જગ્યા પર બેસીને પાઠ ચાલુ કર્યો હતો. મારી પાસે ચશ્મા ન હતા એટલે હું સહેજ દૂર અલગ બેઠો હતો. મારી નજર સમુદ્રની ભવ્યતા પર મંડાએલી હતી. આસપાસ જીજ્ઞાસાથી



લોકો અવરજવર કરતા હતા. કોઇ તો શ્રદ્ધાથી પાઠ સાંભળતું હતું. મારું ધ્યાન આસપાસ ગયું ત્યારે મને આશ્ચર્ય થયું. અમારી બંને તરફ મોજાંઓ ઉછળીને અમને પણ આંબીને ઉંચે જતા દેખાયા. માત્ર અમે બધાં બેઠાં હતાં ત્યાં ને તેની આસપાસની થોડી જગ્યામાં મોજાંઓ ચાલીસ પચાસ ફૂટ દૂર જ રહેતા હતા. આ દૃશ્ય આશ્ચર્ય પમાડે તેવું હતું. મને ખાત્રી થઇ કે પૂ.મા એ સંકલ્પ કર્યો હોવો જોઇએ. પાઠ દરમ્યાન ચિ. કલ્પુને માએ એક ચિઠ્ઠીમાં પોતાનો સંકલ્પ લખી જણાવ્યો હતો તેની જાણ અમને પાછળથી થઇ હતી. માએ સંકલ્પ કરેલો કે પાઠ પૂર્ણ થાય પછી જ સમુદ્રદેવ પાદ પ્રક્ષાલન કરવા આવે ને ત્યારે જ અર્ઘ્ય પણ ધરી દઇશું. ખરેખર પાઠ પૂર્ણ થયો ત્યારે સમુદ્રદેવ એકાએક ઉછળીને પાદપ્રક્ષાલન કરી ગયો. ત્યારે અમારા હૃદયમાં આનંદની કોઇ સીમા રહી નહોતી. માના સંકલ્પને કુદરતે પણ માન આપ્યું તે જેવી તેવી ઘટના ન કહેવાય. તે ઘટનાના સાક્ષી બનવાનું સદ્ભાગ્ય અમને સાંપડ્યું તે હકીકત પણ ભૂલી શકાય એવી નથી. આ પ્રસંગ દ્વારા પૂ. મા સંકલ્પ સિદ્ધિની ઊંચી અવસ્થા પર આરૂઢ છે તેનો ખ્યાલ સહુ કોઇને આવી ગયો હતો.

સત્પુરુષો સંકલ્પથી મહાન કાર્યો કરે છે તે શાસ્ત્રગ્રંથોમાં વાંચ્યુ હતું. ભૂતકાળમાં જગન્નાથ પુરીના મંદિરને દરિયાલાલ નુકશાન પહોંચાડતા હતા. તેવો ઇતિહાસ આલેખવામાં આવ્યો છે. આજથી છસો વર્ષ પર સદ્ગુરુ કબીર સાહેબ ભગવાનના આ ધામમાં આવ્યા હતા. ત્યારે તેમની સમક્ષ જાહેરમાં સંત મંડળીએ ભગવાન જગન્નાથના મંદિરને થતા નુકશાનની હકીકત કહી સંભળાવી હતી. સમુદ્રથી થતું નુકશાન

અટકે તે માટે આયોજન કરવાની વિનંતી કરવામાં આવી હતી. ત્યારે કબીર સાહેબે પણ સંકલ્પ બળથી દરિયાલાલને કાયમને માટે દોઢ માઈલ દૂર રહેવાની સૂચના કરી હતી. કહેવાય છે કે ત્યારથી આ દરિયો તેટલો દૂર જ રહ્યો છે ને કદી નુકશાન પણ થયું નથી. મેં આ વિશે વાંચેલું એટલે મને ખાત્રી થઈ કે જરૂર દરિયા કિનારે સદ્‌ગુરુ કબીર સાહેબનું કોઈ સ્થાન તો હશે જ. સ્થાન તો શોધી કાઢ્યું પણ જે હાલતમાં તે સ્થાન હતું તે જોઈને નિરાશા થઈ. નીચે લગભગ ચાલીસેક ફૂટ કબીર સાહેબનું નાનકડું મંદિર છે. જગ્યાની પવિત્રતા જળવાએલી ન હતી. લોકો ઝાડો પેશાબ કરી જતા હતા. છતાં હિંમત કરી હું નીચે ગયો હતો અને દર્શન કર્યા હતા. નીચે એક વૃદ્ધ પૂજારી હતો. આપણા લોકો પવિત્ર સ્થળોને જાળવી શક્યા નથી તેનો આ મોટો પુરાવો છે. બુદ્ધિશાળી માણસો ભલે આને દંતકથામાં ખપાવતા! પરંતુ સદ્‌ગુરુ કબીર સાહેબના સત્ વિષે તો કોઈને શંકા નથી જ. તેમનું વ્યક્તિત્વ જ ચમત્કારિક હતું અને તેમણે ચમત્કારો દ્વારા જ જગતની જડતાને ઢંઢોળી હતી. તેના અનેક પુરાવાઓ તો છે જ તેથી આ જગ્યાની પવિત્રતા નથી જળવાઈ તેનું અંતરમાં ખૂબ દુઃખ થયું હતું.

બીજે દિવસે સવારે ભારતના બીજા એક મહાપુરુષની સમાધિનાં દર્શન કરી ધન્યતાનો અનુભવ કર્યો હતો. તેમનું નામ હતુ શ્રી શ્રી યુકતેશ્વરગિરિ. તેઓ પરમહંસ યોગાનંદજીના ગુરુ હતા. પરમહંસ યોગાનંદજી જગમશહૂર સંત છે. તેમણે ઈ.સ. ૧૯૨૦માં અમેરિકામાં ભરાએલી બીજી ધર્મ પરિષદમાં ભારતના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી અને પોતાના ગુરુના આદેશ પ્રમાણે અમેરિકાને જ પોતાની



કર્મભૂમિ બનાવી હતી. આ આશ્રમ શ્રી યુકતેશ્વરગિરિનો પોતાનો જ હતો. આ આશ્રમમાં જ તેમણે ઈ.સ ૧૯૩૬માં સમાધિ લીધી હતી. જ્યારે દેહ છોડવાની ઈચ્છા થઈ હતી ત્યારે યૌગિક શક્તિથી પરમહંસ યોગાનંદજીને ધ્યાન દ્વારા સંદેશો મોકલ્યો હતો ને તે સંદેશો તેમણે ઝીલ્યો હતો. તાર, ટેલિફોન કે ટપાલ વિના આ રીતે સંદેશા મોકલી શકાય છે તે જાણીને તે વખતના અમેરિકનો તાજુબ પામેલા. યોગાનંદજી સાથે કેટલાક અમેરિકનો આવ્યા પણ હતા ને ત્યાર પછી તેમણે દેહ છોડી દીધો હતો. તે આખો પ્રસંગ મને યાદ આવી ગયો. સમાધિ પર બેસીને થોડું ધ્યાન કર્યું અને પૂ. મા એ કીર્તન પણ કર્યું હતું. ત્યાર પછી અમે ધ્યાનના નાનકડા હોલમાં બેઠા હતા. જ્યાં અમને આશ્રમના યુવાન સંચાલકે અંગ્રેજીમાં ક્રિયાયોગ વિશે ઉદ્‌બોધન કર્યું હતું.

ત્યાર પછી ભગવાન શંકરાચાર્યે સ્થાપેલા મઠ પર ગયા હતાં. ત્યાં પણ સ્વચ્છતાનો અભાવ દેખાતો હતો. શંકરાચાર્યની કેટલીક નિશાનીઓ પણ અમને ત્યાં જોવા મળી હતી. ત્યાંના જગદ્‌ગુરુ બીજે કયાંક પ્રવાસે ગયા હતા એટલે તેમનાં દર્શન થઇ શકયા ન હતા.

આ સિવાય અમે એક આખો દિવસ સો માઈલની મુસાફરી બસ દ્વારા કરી હતી. અને ભુવનેશ્વરના પ્રખ્યાત મંદિરોનાં દર્શન કર્યાં હતાં. આખરે સમય થઈ જતા અમે ફરીથી કલકત્તા આવવા નીકળી ચૂકયા હતાં ને બુલંદ અવાજે "જગન્નાથ ભગવાનની જય" ના નારાઓ ગાડીમાં ગજાવ્યા હતા.

# અધ્યાત્મ

સંકલનઃ ઈશ્વરભાઈ શાહ

[પ. પૂ. સ્વામીશ્રી સંપૂર્ણાનંદજી બાપુના સત્સંગમાંથી]

અધ્યાત્મમાં અમુક શબ્દો ખાસ સમજવાના છે. આમાં ભાસ, પ્રતિતી, પ્રાપ્તિ, તાદાત્મ્યતા, મમતા, કામના આ છ શબ્દો ખાસ છે.

(૧) ભાસ એટલે જેની સ્વતંત્રતા ન હોવા છતાં સ્વતંત્ર જેવી લાગે.

(૨) પ્રતિતી એટલે દેખાય છતાં હોય નહિ એટલે જેની પ્રાપ્તિ ન થાય.

(૩) પ્રાપ્તિ એટલે જે સદા છે છતાં પ્રતિત નથી છતાં જરૂર છે. ઇશ્વર છે જરૂર, પણ પ્રતિતી નથી, બાકી પ્રાપ્ત ૧૦૧ ટકા છે.

(૪) તાદાત્મ્યતા એટલે એક વસ્તુ સાથે સતત સંબંધ હોય અને તેની સામે જુઓ તો તેની અસર તમારા ઉપર થશે. આ માટે રેલ્વે ગાડીનો દાખલો ઉત્તમ છે. તમારી સામેની ગાડી ઉપડશે તો તમને તમારી ગાડી ઉપડી તેમ દેખાશે. પછી તમે સ્ટેશન સામું જોશો તો તે જ દૃશ્ય હશે એટલે ખાત્રી થશે કે મારી ગાડી ચાલતી નથી.

પ્રશ્નઃ–તાદાત્મ્યતા અને એકાગ્રતામાં ફેર શું ?

જવાબઃ–(૧) તાદાત્મ્યતા (૨) તન્મયતા (૩) એકાગ્રતા. પ્રથમ તાદાત્મ્યતા થાય છે. પછી તેમાં તન્મય થવાય છે. તાદાત્મ્યતા કરતાં તન્મયતા જરા વધુ તીવ્ર છે. એકાગ્રતા



તે તો મન જ્યારે કોઇ એક વિચારને પકડે છે તેનુ નામ એકાગ્રતા છે. આ એકાગ્રતા ટકતી નથી થોડી ક્ષણ છુટી જાય છે. તાદાત્મ્યતા અને તન્મયતા જ્યાં સુધી વસ્તુ સામે હોય છે ત્યાં સુધી છુટતી નથી. જ્યારે વસ્તુ જુદી થાય તેટલો સમય ખસે છે. શરીર સાથે તમારી તાદાત્મ્યતા છે, એટલે શરીરની બધી ક્રિયા તમને તમારી ક્રિયા લાગશે. ગાઢ ઉંઘમાં આ તાદાત્મ્યતા છુટે છે પણ જાગતાં પાછું શરીર સામે આવતાં તાદાત્મ્યતા શરૂ થાય છે.

(૫) મમતાઃ–તાદાત્મ્યતાના કારણે શરીર સાથે સંબંધ બંધાય છે. એટલે શરીર મારૂં પ્રતિત થાય છે અને હાથ મારો, પગ મારો, માથું મારૂં બોલો છો. ભૂલ ત્યાં થાય છે કે તાદાત્મ્યતાને કારણે 'હું શરીર છુ'' તેમ પ્રતિત થાય છે. પણ જ્યારે હાથ–પગની વાત આવે છે ત્યારે 'હુ' હાથ' હુ' પગ' નથી બોલતા. ખરી રીતે હું હાથ બોલવું જોઈએ પરંતુ હાથ મારો પગ મારો તેમ બોલો છો. હવે જો હું શરીર હોઉ તો પગ પણ હું હોવા જોઇએ. મમતા એ પ્રેમનું દુષિત રૂપ છે.

(૬) કામનાઃ–હવે જ્યાં તાદાત્મ્યતા અને મમતા આવે છે ત્યાં તેમના માટે કામના આવવાનીજ. કામના એટલે કોઇ વસ્તુની ઈચ્છા.

તમારે આ શબ્દો ઉપર તમારી રીતે ચિંતન–મનન કરવું જરૂરી છે. ટુંકમાં (૧) "તાદાત્મ્યતા"એ ઈશ્વરથી દુર કર્યા છે (૨) "મમતા"એ ઇશ્વરથી ભેદ પડાવ્યો છે (૩) "કામના" એ ઈશ્વરથી ભિન્નતા કરાવી છે. (૧) "દૂરી" કાઢવા માટે કર્મયોગ છે. (૨) "ભેદ" કાઢવા માટે જ્ઞાનયોગ છે. (૩) "ભિન્નતા" કાઢવા માટે ભક્તિયોગ છે.

ભેદનું મૂળ મમતા છે. મારૂં શરીર મારૂં અને બીજા શરીર પરાયા. ઇશ્વર સિવાય કોઇ છે જ નહિ છતાં કામના-એ ભિન્નતા પડાવી. પ્રથમ ધન પછી ઈશ્વર. પહેલાં મારૂં શરીર પછી ઇશ્વર.

કર્મયોગઃ–બીજાના હિત માટે કર્મ કરવાથી સિદ્ધ થાય છે. અને ઇશ્વર જે દૂર દેખાતો તે બધામાં દેખાશે. અને શરીર સાથે જે તાદાત્મ્યતા હતુ તે જશે. તાદાત્મ્યતા ગયું તો મમતા–કામના પણ જશે. આ કારણે કર્મયોગી કર્મને પ્રધાન માને છે. જ્યારે તેનામાં જ્ઞાન-ભક્તિ પણ સિદ્ધજ હોય છે.

(૧) કર્મયોગથી શરૂ કરો તો જ્ઞાન–ભક્તિ યોગ હોવાના.
(૨) જ્ઞાનયોગથી શરૂ કરો તો કર્મ–ભકિત યોગ હોવાના.
(૩) ભકિતયોગથી શરૂ કરો તો કર્મ–જ્ઞાન યોગ હોવાના.

મૂળ છે તાદાત્મ્યતા, મમતા, કામના, હવે કોઇ પૂછે કે આ જાણે કરે છે શું ? (૧) દૂરી કરે છે (૨) ભેદ પડાવે છે (૩) ભિન્નતા કરાવે છે. આ છે પાયાના સિદ્ધાંતો.

હવે દૂરી ભેદ–ભિન્નતા કોણ કરાવે છે ? અને કોનાથી કરાવે છે ? આ વાત મહત્ત્વની છે. હવે જે કરાવે તે કદાપિ ઈશ્વર ન હોય. કારણ કે જ્યાં કરાવવાની વાત હશે ત્યાં બંધની વાત હોવાની જ. આ સાયન્સ છે. એટલે દૂરી ભેદ–ભિન્નતા કરાવે છે અહમ્. કોનાથી કરાવે છે ? કે ઇશ્વરથી ખૂબ ગહન વિષય છે સમજજો.

ઇશ્વર તો સર્વત્ર છે, સદા છે. સર્વમાં છે, તેનાથી અહમ્ દૂરી-ભેદ-ભિન્નતા કરાવી શકે ખરો ? ઇશ્વર એક જ ચેતન છે. (૧) હું દૂર છે (૨) આ મારાથી પરાયા છે (૩)



આનાથી હું ભિન્ન છે આ વાત ચેતનમાં હોય, જડમાં ન હોય. ચેતન એક જ છે. તો આ ભૂલ ઇશ્વર કરે છે ? આ પ્રશ્ન છે. વળી અહમ્ ઈશ્વર કરતાં સર્વોપરી નથી. તો દૂરી-ભેદ–ભિન્નતા કોણ કરાવે છે ? ચેતન ધારે છતાં દૂર ન થઇ શકે. ચેતન જો તમારાથી દૂર થાય તો રામ બોલો રામ થાય. આ પ્રમાણે ચેતન ભેદ–ભિન્નતા પડાવવા ધારે છતાં ન પડે.

દૂરી છે તે ૧૦૧ટકા સત્ય છે
ભેદ છે તે પણ સત્ય છે
ભિન્નતા છે તે પણ સત્ય છે
} તો આનું કારણ શું ?

હવે ચેતનમાં જરાપણ જડ અંશ કદાપિ પ્રવેશી ન શકે. અને ચેતન જડ કદાપિ ન બની શકે. પણ ચેતન માની શકે. ચેતને જડ શરીર સાથે તાદાત્મ્યતા કરતાં પ્રથમ માન્યતા કરી કે હું શરીર છું. આ માન્યતા છે. માન્યતા સત્ય ન હોઇ શકે. આ માન્યતાના કારણે એક ભાવ પેદા થયો. ભાવ પણ ચેતનજ કરી શકે. આ ભાવનું નામ અહમ્–ભાવ છે. "હું" ભાવ. "હુ ભાવ" આને શાસ્ત્રો જીવાત્મા કહે છે.

તુલસીએ માનસમાં કહ્યું, "ઇશ્વર અંશ જીવ અવિનાશી, ચેતન, અમલ, સહજ, સુખરાશી." ઈશ્વર અને જીવ બંને આ પાંચ ગુણોવાળા છે. પણ ચેતને માન્યતા કરી પોતે જીવ બન્યો છે. છતાં જીવ પણ ઈશ્વરનોજ અંશ છે. સમષ્ટિમાં નામ ઇશ્વર છે તેનુંજ નામ વ્યષ્ટિમાં જીવ છે. દરિયો અને મોજાં બંને જલજ છે. સમષ્ટિ જલનું નામ દરિયો છે, વ્યષ્ટિ જલનું નામ મોજું છે.

—✻—

# શ્રેષ્ઠ–બુદ્ધિ કે શરણાગતિ ?

—દારા જ. ભેસાણીઆ (કાયાવરોહણ)

પરમ કૃપાળુ પરમાત્માએ દરેક વ્યક્તિને બે પ્રાકૃતિક ગુણો–ભાવના અને બુદ્ધિ અર્પેલા છે. આ બંને ગુણો સરખા પ્રમાણમાં ભાગ્યે જ દેખા દે છે. કોઇકમાં બૌદ્ધિકતાનું પ્રમાણ વધારે હોય છે તો કોઇકમાં ભાવના પ્રબળ હોય છે. ખાસ કરીને પુરુષોમાં બૌદ્ધિકતા વિશેષ અને ભાવના અલ્પ તથા સ્રીઓમાં ભાવના વિશેષ અને બૌદ્ધિકતા અલ્પ જોવા મળે છે. કયારેક આમાં અપવાદ હોય છે. ખાસ કરીને ઉચ્ચ કક્ષાના સંતોમાં આ બંને ગુણો સરખા પ્રમાણમાં જોવા મળે છે.

ભૌતિક જગતમાં ભાવના કરતાં બુદ્ધિનું મૂલ્યાંકન વધુ થાય છે. પરંતુ આધ્યાત્મિક જગતમાં ભાવનાનું જ વિશેષ મહત્ત્વ છે. ભાવના હોય તો જ ઇશ્વર પ્રત્યે ભાવ કે પ્રેમ ઉદ્‌ભવે છે. જેમનામાં બુદ્ધિનું તત્ત્વ વિશેષ હોય છે તેઓ વધુ તાર્કિક હોય છે. અને આવી તાર્કિકતા ઘણીવાર નાસ્તિકતા તરફ દોરી જાય છે. એટલે જ કદાચ બરટ્રાન્ડ રસેલ અને બ્રેડલો જેવા બુદ્ધિશાળીઓ નાસ્તિક્તા તરફ વધુ ઢળ્યા હતા.

ભક્તિનો અર્થ છે અસીમ પ્રેમ. આ અસીમ પ્રેમ ભાવનાશાળી વ્યક્તિના હ્રદયમાં ઉત્પન્ન થઇ શકે, બુદ્ધિશાળીમાં નહીં. ભાવનાશીલ વ્યક્તિ ઇશ્વરને તેનો સ્વામી ગણે છે અને તે તેનું શરણ સ્વીકારે છે. ગાડીમાં બેઠા પછી યાત્રીએ ચાલવાનું કષ્ટ ઉઠાવવું પડતું નથી, તેમ શરણાગતે પોતાની જીવનનૈયાને જાતે હલેસાં મારવા પડતાં નથી. ઇશ્વર રૂપી પવન તેની નાવને હંકારે છે. અસંખ્ય ભકતોનાં જીવન



જોતાં જણાશે કે શરણાગતની પ્રભુ કેવી રક્ષા કરે છે! પાંચાલીએ શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું ને તેના ચીર પૂરાયાં. મીરાંએ શરણું સ્વીકાર્યું ને વિષનો જામ પીયૂષ બની ગયો. નરસિંહે જાદવાને પોકાર્યો ને તેના મામેરું, હુંડી, હાર વગેરે પ્રશ્નો ઉકેલી ગયા. ખરેખર! 'હરિને ભજતાં હજુ કોઇની લાજ, જતાં નથી જાણી રે...ભગવાન ગીતાજીમાં ભકતને તેમના શરણે જવા આજ્ઞા કરે છે.

સૌ ભૂતોના ઉરઃસ્થાને, અર્જુન! ઇશ્વર રહે,<br>
ભમાવતો સ્વમાયાથી સૌ યંત્રારૂઢ ભૂતને.<br>
તેને જ શરણે જા તું, ભારત! સર્વભાવથી,<br>
નિત્યધામ પરં શાંતિ, પામીશ તે પ્રસાદથી.

–ગીતાગુંજન (૧૮ : ૬૧–૬૨)

બીજી બાજુ બુદ્ધિના મહાભંડાર ગણાતા અસંખ્ય વ્યકિતઓ આ સંસાર સાગરમાં ગોથાં ખાતા રહ્યા છે. નાની નૈયા ભવસાગર પાર કરી જાય છે અને મોટાં મોટાં વહાણો ડૂબી જાય છે.

અહીં પ્રશ્ન થઇ શકે કે આધ્યાત્મિક પ્રગતિમાં બુદ્ધિનું વિશેષ મહત્ત્વ નથી તો ગાયત્રી મંત્રમાં શુદ્ધ બુદ્ધિ અર્થે શા માટે પ્રાર્થના કરવામાં આવી છે? ગાયત્રી છંદનો સવિતૃ મંત્ર શુદ્ધ બુદ્ધિ માટેની શ્રેષ્ઠ પ્રાર્થના છે જ, પરંતુ અહીં શુદ્ધનો અર્થ 'પ્રજ્ઞા' થાય છે, બૌદ્ધિકતા (Intelect) નહીં. ગીતાજીના અઢારમાં અધ્યાયમાં ભગવાને જેને સાત્ત્વિક બુદ્ધિ કહી છે તે પણ આ ૠતંભરા પ્રજ્ઞા જ છે. વેદાંતદર્શનના સાધન-ચતુષ્ટયમાં વિવેકનો નિર્દેશ છે તે પણ બુદ્ધિથી ભિન્ન છે.

શરણાગતિના બે પ્રકાર છે–એક ભાવનારૂપે ભાવનાશીલ વ્યકિતમાં દૃષ્ટિગોચર થાય છે, તો બીજી શરણાગતિ એ યોગનો

એક ઉચ્ચ તબક્કો છે જે વર્ષો પર્યન્તની સમ્યક્ સાધના દ્વારા પ્રાપ્તિ થાય છે. પાતંજલ યોગસૂત્રમાં ત્રણ જગ્યાએ ત્રણ સૂત્રોમાં ઈશ્વર પ્રણિધાન વા શરણાગતિ દર્શાવવામાં આવી છે. સાધનપાદના પ્રથમ સૂત્રમાં ઇશ્વર પ્રણિધાનને ક્રિયાયોગ તરીકે અને બત્રીસમા સૂત્રમાં નિયમ તરીકે દર્શાવવામાં આવ્યું છે. અહીં ક્રિયાયોગમાં જે ઈશ્વરપ્રણિધાન દર્શાવવામાં આવ્યું છે તે યોગનો ઉચ્ચ તબક્કો છે અને નિયમ રૂપે જે દર્શાવવામાં આવ્યું છે તે ભાવના. ઉપરાંત યોગની પૂર્ણતા માટે સમાધિપાદના ત્રેવીસમા સૂત્રમાં ઇશ્વરપ્રણિધાન દર્શાવ્યું છે.

આમ નિઃસંદેહ બુદ્ધિ કરતાં શરણાગતિ શ્રેષ્ઠ છે. તથાપિ એક પ્રશ્ન કરી શકાય કે શરણું સ્વીકારનારા પ્રભુના શ્રેષ્ઠ ભક્તોના જીવનમાં પણ તેઓ દ્વારા ઘણી ભૂલો થયેલી જોવા મળે છે. તો તેનું કારણ શું ?

જ્યાં સુધી વ્યક્તિમાં સમતા કે સ્થિતપ્રજ્ઞતા નથી આવતી ત્યાં સુધી દરેક વ્યક્તિમાં પ્રત્યક્ષ વા સૂક્ષ્મ રૂપે રાગ-દ્વેષ રહેવાના જ. આ રાગ-દ્વેષને પરિણામે વ્યક્તિ પૂર્ણ શરણાગત બની શકતી નથી. એટલે તેટલા પ્રમાણમાં તેના જીવનમાં ભૂલો રહેવાની જ. જ્યારે યોગના ઉચ્ચ તબકકામાં માનસિક સમતા આવે છે ત્યારે રાગ-દ્વેષ નિર્મૂળ થઇ જાય છે અને ત્યારે જ સાચી શરણાગતિ પ્રાપ્ત થાય છે.

બીજી વાત એ કે શરણાગતના જીવનમાં પણ અન્ય વ્યક્તિઓ જેટલાં જ દુઃખો હોય છે. એનું કારણ એ કે હજી તેના સંચિત કર્મો જ્ઞાનાગ્નિ દ્વારા બળીને પૂર્ણ ખાખ થઈ ગયાં નથી. એટલે પ્રારબ્ધવશાત તેણે દુઃખો ભોગવવાં પડે છે. જો કે અન્ય વ્યક્તિઓ કરતાં શરણાગત દુઃખ વિલક્ષણ રીતે ભોગવે છે. તે માને છે કે પ્રાપ્ત દુઃખો શ્રી હરિની ઇચ્છાથી



જ આવ્યાં છે અને તે તેના જીવનને વધુ પ્રશસ્ત કરવા અર્થે જ છે. આથી તે સ્નેહપૂર્વક દુઃખો સહી લે છે.

બુદ્ધિ ભૌતિક જગતના પ્રશ્નો ઉકેલવામાં મદદરૂપ થાય છે ખરી, પણ દુઃખરૂપ ઝંઝાવાત સામે તે ઉભી રહી શકતી નથી. જીવ, જગત અને પરમાત્મા વિશેના ગૂઢ રહસ્યો પણ તે ઉકેલી શકતી નથી. એ તો પરમાત્માનો પરમ ભક્ત જ સમજી શકે છે.

બુદ્ધિના બાવડે જીવનસાગર તરવા કરતાં શરણાગતિની નાવમાં બેસી સહેલાઈથી તરી જવાય છે.

## ● જાહેર વિનંતિ ●

સાધક ભાઇ-બહેનોને થયેલા ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના તથા મા સર્વેશ્વરીના કૃપા પ્રસંગોનો શ્રદ્ધાભક્તિના ભાથા સ્વરૂપ એક સર્વોપયોગી સંચયગ્રંથ પ્રકાશિત કરવાનું આપણે વિચારી રહ્યા છીએ. તેથી સત્યને વફાદાર રહી પોતાને થયેલા અનુભવને પોતાની ભાષામાં કાગળની એક જ બાજુ પર, સુંદર અક્ષરે તા. ૩૧મી જુલાઈ ૧૯૮૬ સુધીમાં, નીચેના સરનામે મોકલવા સર્વેને વિનંતિ કરવામાં આવે છે.

તે ઉપરાંત, જેમની પાસે પૂ. શ્રી યોગેશ્વરજીના પત્રો હોય, તેની સુંદર ઝેરોક્ષ નકલો પણ મોકલાવવા વિનંતિ છે.

ઇશ્વરભાઈ પ્ર. પટેલ

મુ. પો. કપુરા. તા. વ્યારા, ૩૯૪૬૫૫. જિ. સુરત

# પ્રકાશના પંથે

સં. પરમાર્થી

બેલુર મઠમાં રામકૃષ્ણદેવની સમાધિ પણ છે. સાંજે સાડાચાર વાગે તેનાં દ્વાર ઉઘાડવામાં આવ્યાં. અમે તેના દર્શને ગયા, સમાધિ હોલની રચના ખૂબ જ કલાત્મક ને સુંદર છે, શાંતિથી એ સ્થાનમાં થોડો વખત ઊભા રહીને અમે રામકૃષ્ણદેવની સામે વિરાજેલી પ્રતિમાનું દર્શન કર્યું. વિવેકાનંદના તે વખતના જીવન પ્રસંગોની હારમાળા મારી દૃષ્ટિસમક્ષ આવીને ઊભી રહી અને મેં અજબ લાગણી અનુભવી, સંસારમાં કીટ ને પતંગ કે ઉપનિષદ્‌ની ભાષામાં કહીએ તો ઘાસની જેમ અનેક માણસો જન્મે છે ને મરે છે. તેમની ગણતરી કે યાદ કોણ રાખે છે? પણ જે બીજાને માટે જીવે છે ને દેહ ત્યજે છે, કોઈ ઉત્તમ આદર્શને માટે સર્વ સમર્પણ કરે છે, તેને જગત પોતાના ઇતિહાસમાં નોંધી લઈને શાશ્વત સમય માટે યાદ કરે છે. યુગો જાય છે તો પણ તે યાદ ભૂસાતી નથી કે તેની પ્રેરણા મટતી નથી. હે પ્રભુ! અમારા જીવનને પણ એવું ઉત્તમ બનાવો, ને તમારી સ્મૃતિ રૂપે સંસારમાં સુશોભિત કરો.

સમગ્ર યાત્રા દરમ્યાન પ્રત્યેક દિવસે અત્યંત આતુરતાપૂર્વક મેં જગદમ્બાની પૂર્ણ કૃપાની પ્રતીક્ષા કરી છે. મારા જીવનની એકમાત્ર આશા, સમૃદ્ધિ, સુખની કલ્પના બધું એની કૃપા જ છે. એને માટે જ મેં જીવનને અર્પણ કરેલું છે. છતાં પણ હજી મારે તલસવું પડે છે, અતૃપ્ત બનીને બેસી રહેવું પડે છે, એનું કારણ શું? હે આકાશ, હે પવન, હે પૃથ્વી! તમારા વાયુ મંડળમાં વાસ કરીને જીવનના



અરુણોદયથી જ મેં વિશ્વની એ એકમાત્ર શક્તિને માટે આક્રંદ કર્યું છે. સંસારના ક્ષણભંગુર પદાર્થોમાંથી મનને હઠાવી લઈને એ એકમાત્ર ઇશ્વરી શક્તિના ચરણોમાં લગાડયું છે. એ શક્તિનું સાન્નિધ્ય પામવા કમર કસી છે, અને ઉત્તમોત્તમ સંપૂર્ણ શક્તિથી વિભૂષિત થઈને ગગનચૂંબી ધવલ હિમાલયની જેમ વિશદ ને વિરાટ થવા મહેનત કરી છે. ગૌરવભેર ઊભેલા પર્વતો, તમે એના સાક્ષી છો. ત્યારે મૃત્યુને જીતીને મૃત્યુંજય બનવા, અંધકારથી અતીત થઈને પરમ પ્રકાશનું સ્વરૂપ થવા, અને અલ્પતાને ખંખેરી કાઢીને પૂર્ણ ને વિરાટ પુરુષ થવા; આજ સુધી મેં જે પુરુષાર્થ ને આદર્શની માળા રચી છે તે ક્યારે સફળ થશે? ને મને કૃતાર્થ કરીને જીવનનો સાચો આનંદ ક્યારે આપશે?

## જગન્નાથપુરીથી દેવપ્રયાગ ને નવરાત્રી વ્રત

કલકત્તામાં પંદર દિવસ રોકાયા બાદ અમે જગન્નાથપુરી આવી પહોંચ્યા. અહીંની આબોહવા સુંદર છે. જગન્નાથપુરીના મંદિરની પાસે જ ધનજી મુલજીની સુંદર સગવડવાળી વિશાળ ધર્મશાળામાં અમે ઉતર્યા હતા. ભારતના ચાર પ્રસિદ્ધ ધામમાં આ ધામની ગણના થાય છે. વળી શંકરાચાર્યે ભારતને ચાર ખૂણે સ્થાપેલી ચાર પીઠમાંથી આ એક પીઠ પણ ગણાય છે. એટલે આ સ્થળનો મહિમા ઓછો નથી.

અહીંનું મંદિર ખૂબ જ પ્રાચીન છે. અલબત્ત, રામેશ્વરના મંદિરની ભવ્યતા કે દ્વારકાના મંદિરની સુંદરતા ને સ્વચ્છતા અહીં નથી, પરંતુ વિશાળતા ને વિવિધતાની દૃષ્ટિએ આ મંદિર પણ આકર્ષક છે. રામેશ્વર, દ્વારકા ને બદરીનાથનાં મંદિરોની તદ્દન પાસે સમુદ્ર, ગોમતીજી અને અલકનંદા નદી વહે છે, તેવું અહીં નથી દેખાતું. અહીં દરિયો થોડે દૂર

છે. મંદિરમાં મૂર્તિ સુંદર છે. વચ્ચે સુભદ્રા ને આજુબાજુ બલદેવ તેમ જ ભગવાન જગન્નાથ છે. મંદિરમાં દર્શન થાય છે તે પહેલાં કીર્તનકારો અમુક અમુક અંતરે સુમધુર સ્વરથી કીર્તન કરે છે, ને નામધુન જગાવીને પ્રેમભક્તિનું વાતાવરણ ઊભું કરે છે. બદરીનાથ, દ્વારકા ને રામેશ્વરમાં એવી પરંપરા નથી દેખાતી. અનુકરણીય જરૂર છે કારણ કે મંદિરમાં થતું નામસ્મરણ દર્શકોનાં મન પર ઊંડી છાપ પાડે છે.

જગન્નાથપુરીની પાસે ભુવનેશ્વર છે. ત્યાં બસ દ્વારા જઈ શકાય છે. વચ્ચે સાક્ષીગોપાલ તીર્થ આવે છે. ત્યાં પંડાઓ યાત્રીની પાછળ સારા પ્રમાણમાં પડે છે. તેમને દાન કે દક્ષિણા ન મળે તો 'ધર્મનાશ થઈ ગયો, અધર્મ વધી ગયો, કલિકાળનો પ્રભાવ બધે ફેલાઇ ગયો' એવી હૈયાવરાળ કાઢે છે. સાક્ષીગોપાલમાં ભગવાન ઠેઠ મથુરાથી એક ભક્તની સાક્ષીપૂરવા માટે આવ્યા હતા ને ભક્તના આગ્રહથી પછી ત્યાં જ રહી ગયા હતા એમ પંડાઓ સમજાવે છે. ભુવનેશ્વરમાં અનેક પ્રાચીન મંદિરો છે. કેટલાક તો જીર્ણાવસ્થામાં છે. સૌથી મોટું મંદિર ગામની અંદર છે. તેમાં શંકર ભગવાનનું લિંગ છે. આ બાજુના મંદિરો એકદમ અંધારા ને ઊંડા હોય છે. મંદિરોમાં સ્વચ્છતા ઓછી હોય છે.

જગન્નાથપુરીમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુ પોતાના જીવનના છેલ્લાં અઢાર વરસ જ્યાં રહેલા તે રાધાકાન્ત મઠનું સ્થળ જોવા અમે ગયેલા. અત્યારે તો એ સ્થળની આજુબાજુ ખૂબ વસ્તી થઇ ગઇ છે. દરિયો પણ અહીંથી દૂર છે. થોડી વાર એમ પણ થાય કે ચૈતન્ય મહાપ્રભુ જેવા એકાંત પ્રેમી પ્રભુ પરાયણ મહાપુરુષે આ સ્થળ કેમ પસંદ કર્યું હશે ? પણ વિચાર કરતાં એ શંકાનું સમાધાન થઈ જાય છે. આજથી



૩૦૦–૪૦૦ વર્ષ પર આટલી વસ્તી નહિ જ હોય. જંગલ જેવું જ હશે. તેમના સમય દરમ્યાન આ સ્થળ શાંત, સુંદર ને અત્યંત રમણીય હશે.

તેમના ત્રણ સંસ્મરણો ત્યાં અમે જોયાં. એક નાની પેટીમાં તેમની પાતળી સુતરાઉ ગોદડી છે; બીજું તેમનું જલપાત્ર છે ને ત્રીજું તેમના ચરણસ્પર્શવાળી પાદુકા છે. જે ઓરડીમાં તેઓ રહેતા તે તો ખૂબજ નાની છે. તેમની સાચી સ્મૃતિ તો માનવ ને કાલ દેવતાના હૃદયમાં જ લખાયલા છે. કદી ભુંસાવાની નથી. તેમણે જે મહાન સંદેશ આપ્યો છે તેને માટે સૃષ્ટિ રહેશે ત્યાં સુધી સૌ તેમને માનની નજરે જોશે ને પૂજશે.

રાધાકાંત મઠની પાસે એક બીજી પ્રાચીન સ્મૃતિ છે. તેને સિધ્ધ બકુલ કહે છે. કહે છે કે મહાપ્રભુના દાંતણની ચીરી જે રોપેલી તેમાંથી આ વૃક્ષ થયું છે. મહા પ્રભુના મહાનભક્ત હરિદાસે ત્યાં બેસીને રોજ એક લાખ જપ કર્યા હતા. હરિદાસ યવન હોવા છતાં મહાન કૃષ્ણભક્ત હતા. તેમનું જીવન ઈશ્વરપ્રેમનો પરમ નમૂનો છે.

ગોપીનાથ ભગવાનની પ્રાચીન જગા પણ એ તરફ જ આવેલી છે. ત્યાં જતાં રસ્તામાં ગૌડીય મઠના મેનેજર મળેલા અને તેઓ અમને આગ્રહ પૂર્વક મઠમાં લઇ ગયેલા. મઠમાં પ્રવેશતાં જ તેમણે કહેલું કે શ્રી ચૈતન્ય મહાપ્રભુ વિશે તથા ભક્તિમાર્ગ વિશે જેમણે કેટલાય વિદ્વત્તાપૂર્ણ લોકોપયોગી મહાગ્રંથો લખ્યા છે તે પરમ વૈષ્ણવ વિદ્યાવ્યાસંગી વૃધ્ધ મહાપુરુષના દર્શનનો લાભ લેવાનું તમને ગમશે ? તે અહીં જ રહે છે. અમને સાંપડેલા એ આમંત્રણથી ખૂબ આનંદ થયો હતો. અમે તેમની પાસે ગયા ત્યારે તેઓ આકર્ષક

આસન પર બિરાજેલા હતા. તેઓ અતિશય વૃધ્ધ હતા તેથી પીઠ પાછળ ટેકો દેવા માટે પાટલો મૂકેલો હતો. હાથની માળા બાજુએ મૂકતાં અમારી તરફ જોતાં તેઓ બોલેલા, હું ભગવાનના ચરણના દાસના દાસનો પણ દાસ છું. એક સાધુ તરીકે મારો તમારી સેવા કરવાનો ધર્મ છે. બોલો તમારી શી સેવા કરું ?' એમની વાણી ખૂબ જ મીઠી ને નમ્રતાથી ભરેલી હતી. બોલનારનું દિલ નિર્મળને નમ્ર છે એ તેમની મુખાકૃતિ પરથી સ્પષ્ટ જણાતું હતું. તેમની સાથે કેટલીક વાતો થઇ હતી પછી સાંજ પડી ચૂકી હતી એટલે અમે તેમની રજા લીધી. દરિયાને કિનારે ફરતા ફરતા અને આકાશના ગુલાબી રંગોને નિહાળતા અમે તેમની નમ્રતાને વારંવાર યાદ કરતા હતા મહાપુરુષો ખરે જ નમ્ર હોય છે.

બીજા એક ઊંચી કોટિના સંન્યાસીનો એક દિવસ પરિચય થયો હતો. તેઓ મૂળ ગુજરાતના ને મુંબઈની વિદ્યાપીઠમાં એમ. એ. થયેલા. તે પહેલાં વૃન્દાવનમાં સાધના કરતા હતા. ત્યાં એક દિવસ ચૈતન્ય મહાપ્રભુએ તેમને સાક્ષાત્ દર્શન આપ્યાં હતાં. મહાપ્રભુજીના આદેશ પ્રમાણે તેઓ અહીં આવ્યા હતા. અહીં આવીને તેમણે સંન્યાસનો પણ ન્યાસ કર્યો હતો ને હરિદાસજી નામ ધારણ કરીને પ્રેમદશામાં રહેતા હતા. અમે પરસ્પર કેટલીક વાતો કરી હતી. મારી સાથે પછી તે ધર્મશાળામાં પણ આવેલા, જમેલા ને ભજન સાંભળીને આનંદ પામ્યા હતા.

તે દિવસોમાં મને એક નવી જ મુઝવણ થતી હતી. નવરાત્રી નજીક આવતી હતી. પાણી પર વ્રત કરવાની ઇચ્છા થયા કરતી હતી. પરંતુ કયા સ્થળે રહીને નવરાત્રીમાં વ્રત કરવું એ પ્રશ્ન હતો. જગન્નાથપુરીમાં કે ગુજરાતમાં કે



ઋષિકેશમાં. તેનો કોઇ ઉકેલ દેખાતો ન હતો. છેવટે મંદિરમાં જઇને મેં પ્રભુને પ્રાર્થના કરી કે હે પ્રભુ ! તમારામાં શ્રદ્ધા-ભક્તિ રાખીને લોકો અહીં દર્શન કરવા આવે છે. તમારામાં સત્યતા હોય ને તમારો મહિમા આજે પણ સાચો હોય તો કોઈ દૈવી અનુભવ આપીને મને ત્રણદિવસની અંદર જણાવી દો કે નવરાત્રિ વ્રત કરવા મારે કયાં રહેવાની જરૂર છે!

વાત ઘણી જ ગંભીર હતી. પણ ત્રીજે દિવસે સવારે જ પ્રભુએ મારા મનને શાંતિ આપી. વહેલી સવારે પ્રાર્થના કરવા હું બેઠેલો ત્યારે મારી સામે અચાનક શારદાદેવી પ્રગટ થયાં ને કહ્યુઃ 'કેમ ચિંતા કરો છો ?' 'મારે કયાં જવું તે મને સમજાતું નથી.' મેં ઉત્તર આપ્યો. 'તેમાં શી મૂંઝવણ છે ?' તેમણે ખુલાસો કરતાં કહ્યું : 'તમે સીધા દેવપ્રયાગ જાવ. ત્યાં શેઠના મકાનમાં નિવાસ કરજો. તે મકાન ખાલી નથી. તેમાં એક સરકારી માણુસ રહે છે. પણ તમને તો ના નહિ પાડે. મકાનમાં રહેવાની રાજીખુશીથી રજા આપશે. તમારા આશ્રમમાં તો વરસાદના તોફાનને લીધે રહી શકાય તેમ નથી તેની મને ખબર છે.'

અને એ અદૃશ્ય થઇ ગયાં. મારી પ્રસન્નતાનો પાર ના રહ્યો. કોણ કહે છે કે દેવસ્થાનોમાં દેવત્વ નથી ? આજે પણ તેમનો મહિમા પહેલાંના જેવો જ સાચો છે. પણ માણુસનું દેવત્વ મરતું જાય છે. તેનું પોતાનું દિલ ખાલી છે. તે જો શ્રદ્ધાભક્તિથી ભરપૂર બની જાય તો તો તેનું જીવન અજબ જેવા અનુભવોથી અલંકૃત બની શકે.

બીજે દિવસે બનાવેલી જગન્નાથ ભગવાનની સ્તુતિ 'શ્રી જગન્નાથ સ્તવનમાળા' મંદિરમાં ફરી વાર ગાઇ અને મને દિશાસૂચન કરાવવા બદલ પ્રભુનો આંસુભીની આંખે આભાર માન્યો હતો.

જગન્નાથપુરીના પંદર દિવસ ખૂબ જ સુંદર રીતે પસાર થઇ ગયા હતા. ત્યાર પછી કલકત્તા આવીને એકવાર ફરી બેલુડ મઠનાં દર્શન કરીને અમે દેવપ્રયાગ પહોંચી ગયાં હતાં. ચોમાસુ બની ગયું હતું. શાંતાશ્રમની અવસ્થા વિકૃત હતી. તે દશામાં ત્યાં રહેવું ઠીક ન હતું. વળી શેઠના મકાનમાં એક ભાઇ–રેશનીંગ ઇન્સ્પેકટર રહેતા હતા. તેમણે આખુ મકાન ભાડે રાખેલું. ત્યાં રહેવા મળે તો સારું એવો વિચાર હતો. પણ તે કેમ બને ?

પણ મા તો અંતર્યામી છે. સમર્થ છે. તેણે મારી વેદના જોઇને યોગ્ય માર્ગ બતાવી દીધો. સાંજે અમે શાંતાશ્રમ તરફ ગયા ત્યાં ઇન્સ્પેકટર ભાઇએ પ્રેમથી મારી સાથે વાતચીત કરી ને થોડા દિવસ શેઠના મકાનમાં આવીને રહેવાનું સપ્રેમ આમંત્રણ આપ્યું. પ્રભુની લીલા ગહન છે. તે શું ના કરી શકે ? ત્યાં રહેવા ગયા પછી બીજે જ દિવસે નવરાત્રી શરૂ થઈ હતી એટલે માની ઈચ્છાથી મેં પાણી પર રહીને નવરાત્રી વ્રત શરૂ કર્યું હતું. એ વ્રત દરમ્યાન માની પ્રાર્થના પ્રતિપળ ચાલુ જ રહી હતી. તેની ટૂંકી નોંધ અસ્થાને નહીં ગણાય—

“હે મા ! તમારા બાળકની બધી જ ઇચ્છા પૂરી કરો....તમે તો મા છો. કૃપાળુ છો....તમારું સુંદર રૂપ બતાવો મુજને મનમોહન મધુ રૂપ !...જીવન ત્યારે જ અમૃતમય બને છે જ્યારે માનવ તમારી પ્રાપ્તિ કરે છે.. ચાતક જેમ પાણીને તલસે ને ખેડૂત વરસાદ માટે આકાશ તરફ મીટ માંડી બેસે તેથી પણ વધારે તલસાટ ને આતુરતાથી તમારી પ્રતીક્ષા કરતો બેઠો છું...મહિસાસુરને મારવા માટે તમે તરત તૈયાર થયાં, પણ આ મોહરૂપી મહિસાસુર, જે તમારા વિરહને વેશ ધરીને મારામાં બેઠો છે તેનો નાશ કરવામાં વિલંબ કેમ કરો

( અનુસંધાન પૃષ્ઠ ૭ ઉપર )



# રામકથા

યોગેશ્વરજી

[યોગેશ્વરજીની સિદ્ધકલમે આલેખાયેલ રામકથા]

## સીતાની તૈયારી

‘રડવું કાંઈ એમનમ આવે છે ? સીતા બોલીઃ ‘પ્રેમવિના આંખમાંથી એક આંસુ પણ નથી પડતું. મારી જગ્યાએ જો તમે હોત તો પણ આવી રીતે રડવા માંડત. પુરુષનું હૃદય કઠોર કહેવાય છે એટલે તમારી આંખમાંથી કદાચ આંસુ ન નીકળત, પરંતુ તમારું હૃદય તો રડત જ. મને નથી લાગતું કે મારા વિયોગને કે એ વિયોગના વિચારને પણ તમે શાંતિપૂર્વક સહી શકત.’

‘સીતા, તું ભુલી જાય છે કે તને છોડીને હું વનમાં એકલો જઇશ એટલે તારો વિયોગ પણ મને આપોઆપ થશે જ.’

‘એ વિયોગ તમને પસંદ પડશે ?’

‘પસંદ પડે કે ના પડે તોપણ કર્તવ્યના પાલનનો વિચાર કરીને મારે તેને વધાવવો પડશે. તારો વિયોગ મને વ્યથિત કરશે તો પણ તેને સહ્યા સિવાય છૂટકો નથી.’

‘મને એવું નથી લાગતું.’

‘કેમ ?’

‘જે કર્તવ્ય પાલનને તમે આટલુ બધુ અગત્યનું માનો છો, તે કર્તવ્ય પાલનનો આગ્રહ તમારે મારા સંબંધમાં પણ રાખવો જોઇએ.’

‘એટલે ? તારી વાત મારાથી સમજી ના શકાઇ ?

‘તમે શાંતિથી વિચારશો તો જરૂર સમજી શકશો કે એક પુત્ર તરીકે તમારા પિતા પ્રત્યેના કર્તવ્ય પાલનનો તમે ખ્યાલ રાખો

છો તેમ પતિ તરીકે મારા પ્રત્યેના કર્તવ્ય પાલનનો ખ્યાલ પણ તમારે રાખવો ઘટે છે.'

'તારા પ્રત્યેના કર્તવ્ય પાલનનો ખ્યાલ ?'

'હા, તમે મારા પતિ છો એટલે મને પ્રત્યેક પરિસ્થિતિમાં પ્રસન્ન રાખવા અને સુખ આપવા બંધાયેલા છો. તમારુ એ કર્તવ્ય છે. એ કર્તવ્યનો તમે ત્યાગ ના કરી શકો. પિતાજીના વચન પાલનના વિચારથી તમે વનમાં ભલે જાવ, પરંતુ મારી પ્રત્યેના કર્તવ્ય પાલનનો ખ્યાલ કરીને તમારે મારી ઇચ્છા પ્રમાણે મને પણ વનમાં લઈ જવી પડશે. હું તમારાથી છુટી પડવા અને તમારા સિવાયની સ્મશાન સમી અયોધ્યામાં રહેવા માગતી નથી. મારી ઇચ્છાની વિરુદ્ધ જઇને તમે મારો ત્યાગ કરશો એ પછી વિધાતા કે ઇશ્વરને દોષ દેશો એ નહી ચાલે.'

રામ જરા વિચારમાં પડ્યા, સીતાના શબ્દો એમના મનમાં ગુંજી રહ્યા. એ શબ્દો એ એમના મનમાં વિવિધ ભાવતરંગોને પેદા કર્યા. એ શબ્દો નવા ન હતા, પરંતુ હતા સીધા, સરળ, સચોટ ને અસરકારક.

આખરે એમણે એક બીજો વિચાર રજૂ કર્યો : 'તુ અયોધ્યામાં રહે તો એક બીજો મોટો લાભ થઈ શકે તેમ છે.'

સીતા જાણે વિચાર તંદ્રામાંથી ઝબકીને જાગી હોય તેમ પૂછી બેઠી: કયો લાભ ? તમે મને અયોધ્યામાં રાખવાનો નિર્ણય જ કરી ચુકયા હશો તો તમને એક અથવા બીજો લાભ દેખાયાજ કરશે. હું તો કોઈ વિશેષ લાભની કલ્પના નથી કરી શકતી.'

'માતા કૌશલ્યાને ને પિતાજીને તારે લીધે સારુ લાગશે. તારા પર એમને પુષ્કળ પ્રેમ છે. એટલે મારી ગેરહાજરીમાં એ તને જોઇને થોડીક શાંતિ અનુભવશે. તું સમજું છે એટલે સમય સમય પર એમને સમજાવીને શાંતિ પણ આપી શકશે.'



'એ વિચાર મને વિશેષ મહત્વનો નથી લાગતો.'

'કેમ ?'

'હું પોતેજ અશાંત હોઉં ત્યાં એમને શી શાંતિ આપી શકવાની હતી ? એ પોતે સમજુ છે, એટલે વખતના સાથે એમની મેળ શાંતિ મેળવી લેશે. એમનો વિચાર કરીને તમારો વિયોગ વેઠીને મારુ મન અયોધ્યામાં બેસી રહેવા માટે તૈયાર નથી થતું. એ તો તમારો અખંડ સહવાસ જ ઝંખે છે. માટે જુદા જુદા બહાના બતાવીને મને નિરાશ ના કરશો. તમે મારો ત્યાગ કરીને વનમાં જશો તો મારી સ્થિતિ એકદમ કફોડી બની જશે. તમારા વિના હું એક ક્ષણ પણ નહીં જીવી શકું.'

રામે કહ્યું 'સીતા, તું વિચાર તો કર કે હું તને વનમાં મારી સાથે લઈ જઈશ તો લોકો શું કહેશે ? વનવાસ તો મને મળ્યો છે, એટલે તને સાથે લઈ જઉં એ આમ પણ ઉચિત નહિ ગણાય. અને લોકો કહેશે કે સીતાનો રામને માટેનો મોહ કેટલો બધો પ્રબળ છે ? રામ વનમાં ગયા તો એ મોહથી પ્રેરાઇને ને બીજાની સેવા સુશ્રુષા કરવા અયોધ્યામાં ના રહી શકી !

સીતાએ કહ્યું : 'મને નથી લાગતું કે લોકો એવી રીતે આપણી આલોચના કે નિંદા કરશે. તમે મને તમારી સાથે લઈ જશો એમાં કાંઈ તમારા મારા માટેના કે મારા તમારા માટેના મોહનું દર્શન નહીં કરે. અયોધ્યાના પ્રજાજનોને તમારી પ્રત્યે પ્રેમ છે. તેવો જ પ્રબળ પ્રેમભાવ મારી પ્રત્યે છે. તમે મને વનમાં લઈ જવા તૈયાર થયા છો એ જાણીને એમને અતિશય આનંદ થશે. એથી ઉલટુ, કોઈ કારણે તમે મને સાથે નહિ લઈ જાવ તો એ તમને ભીરુ તથા કઠોર કહેશે અને દુઃખી બની જશે.'

'માતા કૌશલ્યા ને પિતા દશરથની પ્રતિક્રિયાનો વિચાર તેં કરી લીધો ?'

'એમની પ્રતિક્રિયાનો વિચાર પણ કરી શકુ છું. એ પ્રતિક્રિયા ખરાબ તો નહિજ હોય. પરંતુ સારી હશે એવો મને વિશ્વાસ છે. એ મને કાંઇક કહેશે તો એમને સમજાવી લઇશ. એ મારી વાતને માની લેશે. બાકી તમારે બીજા બધાની પ્રતિક્રિયાનો વિચાર કરતા પહેલાં મારી પ્રતિક્રિયાનો વિચાર કરી લેવાનો છે. એ વિચાર તમે નથી કરતા અથવા એને અગ્રસ્થાન નથી આપતા એ જોઇને મને ઉંડુ આશ્ચર્ય થાય છે.' રામને વિચારમાં ડૂબેલા જોઇને સીતા ફરી બોલી : 'હું તમને વનમાં એકલા તો નથી જ જવા દેવાની. તમારો સાથ હું જરૂર કરીશ. તમારા સહવાસમાં વન મારે માટે મંગલમય થઇ પડશે. વનમાં છાયાની જેમ તમારી સાથે રહીને હું તમારી સેવા કરીશ, તે વ્રત નિયમનું પાલન કરીશ, ને જુદા જુદા ઋષિ મુનિના દર્શનનો દેવદુર્લભ લાભ મેળવીને કૃતાર્થ બનીશ. બાકી તમે મને ત્યાગી કે તરછોડી ને ચાલ્યા જશો તો અકારણ મરી જઇશ.' એટલું બોલતાં તો સીતા ગદ્‌ગદ્‌ બની ગઈ. લાગણી વશ બનવાને લીધે તેનું ગળુ રુંધાઈ ગયું. એની છાતી જોરથી ધડકવા લાગી ને ખૂબજ ભારે થઈ ગઈ, આંખમાં જાણે પ્રેમનો પવિત્ર પ્રવાહ પ્રકટી નીકળ્યો. કરુણાનો એવો અનુભવ એને માટે એ પહેલોજ હતો એવું લાગ્યું કે જાણે હમણાંજ એ મુર્છિત થઇને નીચે ઢળી પડશે

(ક્રમશઃ)

## જુલાઇ '૮૬નો અંક

અધ્યાત્મનો જુલાઈ, ૧૯૮૬નો અંક તંત્રી યાત્રા ઉપર ગયેલ હોવાથી, પાંચ દિવસ મોડો રવાના કરી શકયા છીએ તો ગ્રાહકો ને વાંચકો ક્ષમા કરે. —તંત્રી

## અધ્યાત્મને સદ્‌ભાવભરી ભેટ

અધ્યાત્મ માસિકને વાંચકો સ્વેચ્છાપૂર્વક સદ્‌ભાવ ભરી ભેટ મોકલતા રહે છે. આ બધા ભાઈબહેનોના અમે આભારી છીએ. છેલ્લે મળેલ ભેટની વિગતો નીચે પ્રમાણે છેઃ-

રૂા.
૨૧ શ્રી એમ. ડી. ચૌહાણ તરફથી શ્રી રોહિત પાસ થતાં.
૫૧ ,, અશોકભાઇ કાલીદાસ ઈજનેર, ભરૂચ.
૩૫૦ ,, કંચનલાલ એમ. પટેલ, મીઠાપુર.
(પુત્રી કુમારી પ્રીતિ તથા મુકતેશ્વરી, તેમજ પુત્ર કુમાર યોગેનના જન્મદિન નિમિત્તે)
૧૫ ,, ભૂપેન્દ્ર સુરતિયા ભરૂચ, જુદાજુદા ત્રણ સંકલ્પોની પૂર્તિ અર્થે
૨૧ ,, નીકુબેન ત્રિવેદી, સુરત.
૫૯ ,, એક સાધકભાઈ તરફથી
૫૧ ,, ગોરધનભાઈ કલોલા, પુત્ર અજયના લગ્ન નિમિત્તે.
૨૧ ,, અરૂણાબેન ઠક્કર, ભાવનગર, ઘરનો નવો બંગલો થતાં.
૨૫ ,, જયાબેન ઠક્કર તરફથી મોટી બેનની માંદગી સબબ સંકલ્પના.
૧૧ ,, અરૂણાબેન ઠક્કર, ભાવનગર પૂ. મોટી બેનને માંદગી-માં સારૂં થવાના સંકલ્પના.
૨૧ ,, હરિભાઇ લોજાણી, મોરબી, યાત્રા નિમિત્તે.
૨૧ ,, પદ્માબેન પ્રતાપભાઈ ત્રિવેદી, ભાવનગર પુત્રના વેવિશાળ નિમિત્તે.

ADHYATMA Regd.. No. GBV 113

## ✻ જાત સુધારણાની અગત્ય ✻

આપણે ત્યાં કેટલેક ઠેકાણે કુંડલિનીને જગાડવાના પ્રયોગો કરવામાં આવે છે. એ પ્રયોગોનો લાભ કેટલાક સાધકો લે છે. એ પ્રયોગો ખોટા છે અથવા એમનો લાભ લેવાની ઇચ્છા અયોગ્ય છે, એવું નથી સમજવાનું. પરંતુ એવા પ્રયોગોનું એક મોટું ભયસ્થાન એ છે કે એવા પ્રયોગોને જ વધારે પડતું મહત્ત્વ આપી જીવનની સાચી સુધારણાને ગૌણ ગણવામાં કે ભૂલી જવામાં આવે છે. ને મૂળભૂત મહત્વની સુધારણાનો રસ જગાડવામાં નથી આવતો. બધું બીજાની પાસેથીજ મેળવવાનું છે અને પોતાને કાંઈજ કરવાનું નથી એવી મનોવૃત્તિ ઘર કરે છે. જો સાધક પોતાની જાતની શક્ય સુધારણાના કાર્યમાં રસ લેતો થાય તથા લાગી જાય તો એની અંદર સદ્‌ગુણોની, સદ્‌ભાવોની, સદ્‌વિચારોની, સત્કર્મોની સૃષ્ટિ અથવા અભિવૃધ્ધિ થઇ જાય. એની સુષુપ્ત આત્મિક શક્તિની જાગૃતિ થાય, અને એનું જીવન આત્માભિમુખ બનવાથી એને સહેલાઇથી સ્થિરતા, સ્વસ્થતા, સંવાદિતા તથા શાંતિની સંપ્રાપ્તિ થાય. એના જીવનમાં જરૂરી ને સમૂળી ક્રાન્તિ થાય. કુંડલિની જાગૃતિની અભિલાષા રાખનારે પોતાની જાતની સુધારણાની હકીકતને કદાપિ નથી ભૂલવાની.

કુંડલિની જાગૃતિના ચમત્કૃતિજનક આશ્ચર્યકારક અનુભવોને જેટલી અગત્ય આપવામાં આવે છે એનાથી પણ અધિક અગત્ય આત્મભાવને, આત્મદર્શનને અને આત્મનિષ્ઠાને અપાવી જોઇએ. સાધકનું સાચું શ્રેય એથીજ સાધી શકાશે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧